સંવત ૧૯૫૦ ના વર્ષનું

ગુજરાતી પંચાંગ, ખબર સંગ્રહ

તથા

ડાકોરનો ભોમિયો *

રચનાર

સ્વદેશી શુભેચ્છક.

પ્રસિદ્ધ કરનાર

દરબારપત્રીકાના મેનેજર

ડાકોર અને ઉમરેઠ.

:o◯o:

અમદાવાદ:

ખાડીઆમાં પી. ત્રિ. ના હિતેચ્છુ પ્રેસમાં

પટેલ જેસિંગભાઈ મુળજીએ

છાપ્યો.

સંવત ૧૯૫૦—સને ૧૮૯૩.

મુલ ચાર આના.

રાવ સાહેબ

હરદેરામ અનુપરામ મુનશી

પેનશનર સા૦જ૦ન્યા૦.

હાલ

શ્રી રણછોડરાયના મંદીરના રીસીવર સાહેબ.

હું આપને લાંબી મુદતથી એક સારા અધીકારી તરીકે ઓળખું છું. આપના સદ્‌ગુણોનાં જે વખાણ ઉમરેઠ અને બાજી જગ્યાએ મેં સાંભળ્યાં છે. તેમ થોડીક મુ-દતથી મારૂ ડાકોર ખાતે કામ પ્રસંગે રહેવાનું થાય છે અને જે વખાણ સાંભળવામાં આવ્યાં છે અને દેવ મંદીરના રીસીવર દાખલ આપ જે દયા, શાંતી, સરળતા અને દ્રઢ વિચારથી વ્યવસ્થા કરો છો. તેમ આપનો દેવ સેવામાં પ્રેમભાવ, ધર્મ વિચાર તરફ રોકાયલું લક્ષ, સદ્‌બોધ કરવાની ઉત્કંઠા વગેરે સદ્‌વિચારોથી ઉત્તર વયનું સાર્થક થતું જોઇ મને અનાયાસે આ ડાકોરના ભોમિયા જેવું નાહાનું પુસ્તક આપને અર્પણ કરી એ પુસ્તક સાથે આપનું નામ જોડવા ઇચ્છા થવાથી અર્પણ કરૂં છું તે સ્વીકારી મારી ઇચ્છા પુર્ણ કરશો એવી ઉમેદ છે.

આપનો આશાંકિત.

J. S. M.

રચનાર.

ડાકોરનો ભોમીઓ.

યાત્રા કરવાની જરૂર.

તિર્થાટન કરવું એ આ લોક અને પરલોકના પોતાના લાભને અર્થે પ્રત્યેક મનુષ્યને અવશ્ય જરૂરનું છે. અંગ્રેજ જેવા હાલને સમયે કહેવાતા સુધારાને શિખરે ચઢેલા કબુલ કરેછે કે, મુસાફરીથી માણસનું જ્ઞાન અને અનુભવ વધેછે અને તેમનું હિત થાયછે. એટલાજ માટે અંગ્રેજ વિદ્વાન યુવાનો પોતાની પહેલી વીશી પછી મુસાફરી કરી પોતાનું ચરિત્રાર્થ ચલાવવા દેશ છોડી પરદેશ જાયછે અને પોતાના ભાગ્ય પ્રમાણે લાભ મેળવી છેવટ પોતાના વતનમાં વાસ કરી છેવટના દીવસો ગુજારેછે.

આપણા દેશીઓ માટે આથી ઉલટો રિવાજ છે. હિંદુસ્તાન છોડી બીજા દેશોમાં જઈ ઉદ્યોગ કરવાને ઘણા કાળથી આપણા લોકોએ બંધ કરયું જણાયછે તેમ બે ચાર દાયકાથી કેટલાકો હિંદુસ્તાન તો શું પણ એશિયા ખંડ છોડી આગળ વધી ગયાછે. કેટલાક વેપારીઓએ એથી સારો લાભ મેળવ્યો છે અને કેટલાક માત્ર મુસાફરી કરવામાં આગળ વધવાનું

માન મેળવવાને અર્થે નીકળેલા તેમણે કેટલીક હાનીપહોચાડી છે તેમ સુજ્ઞ ઊમેદવારો જે વિદ્યાને અર્થે પરદેશ ગયેલા તેમણે જ્ઞાતીસંપ્રદાયને માન્ય આપી ડહાપણથી સારો લાભ મેળવેલા આપણે જોઇયે છીએ.

દેશીઓ ઘણે ભાગે પોતાનો ગુજારો પોતાના વતનમાં કરેછે. ગુજરાનનું શાધન ન રહેતાં તથા માથે કરનો બોજો થતાં પરદેશ એટલે પોતાનું વતન છોડી હિંદુસ્તાનના બીજા ભાગમાં જ્યાં તેમનું કીસ્મત લેઇ જાય ત્યાં જાયછે અને પાંચ પૈસા પેદા કરી પોતાને વતન આવી સ્થિતિ કરેછે. સંસારમાં જે લહાવો લેવાનો તે લેછે એટલે છોકરાં પરણાવી તે પોતાનું ઘર સંભાળે એવી સ્થિતિમાં આવતાં તીર્થાટન એટલે મુસાફરી કરવા જવાનો વિચાર કરેછે.

વયગત મનુષ્યોએ વાનપ્રસ્થ કરવું એટલે ઘરબારની જંજાળમાંથી વિરક્ત થઇ દેશમાં આવેલાં નામાકીત તીર્થ અને દેવમંદીરોની ભેટ લેઈ પરમાત્માની અગાધ લીલા સંબંધી વીચાર કરી દેહના સાર્થક માટે બીજાં કામોને વિરામ પમાડી પ્રયાસ કરવો, અને દેશમાં જે અલૌકિક સુંદરતા દીઠી હોય અને અનુભવ થયો હોય તેનું વર્ણન રનેહી સંબંધી અને બીજાને સંભળાવવું કે જેથી તેમને કેટલુંક જ્ઞાન થાય અને તેમણે પણ પોતાની ઉત્તર વયે તે અનુભવ મેળવવા માટે અનાયાસે ઇચ્છા થાય.

ભોમીઆની જરૂર.

જે જે સ્થળે યાત્રાને અર્થે જવાય તે સ્થળ સંબંધી નાના પ્રકારની માહીતી જો પ્રથમથી મળવાને માટે કાંઇ સાધન હોય તો તેનો ઉપયોગ કરવાથી પોતાની ઇચ્છા પ્રમાણે અને ગજા માફક પગલાં ભરવાને સહેલ થઇ પડેછે પણ તેવા મંતિહાસો અથવા જોઇતી માહીતી આપનાર "ભોમીઆ" જેવાં પુસ્તકો ગુજરાતી ભાષામાં નજર આવતાં નથી તો આ ગુજરાતમાં પ્રસિધ શ્રીરણછોડજીના ડાકોર સ્વસ્થાનના યાત્રાળુ જનોની માહીતી માટે "ભોમીઆ" રૂપ સાધન તૈયાર કરવા માટે જેવો તેવો પ્રયાસ કરવામાં આવ્યોછે તો આશા છે કે આ સાધન જરૂર તેમને ઉપયોગી અને સુગમ થઇ પડશે.

શ્રી રણછોડ મહીમા.

ગુજરાત પ્રાંતમાં હાલને સમયે શ્રીરણછોડરાયનું ધામ પ્રસિદ્ધ છે જેવું દક્ષણી લોકોને શ્રીવિઠોબાનું ધામ અતી વહાલું અને ભજનભક્તિએ મોક્ષ આપનારૂં સમજાયછે તેમ બ્રાહ્મણથી તે શુદ્ર સુધી વીઠલ; વીઠલ, વીઠલ નામ સ્મરણ કરી તદલીન રહી અહરનીશ ભજન કરેછે. તેમજ ગુજરાતીઓમાં એક કે બીથી તે બ્રાહ્મણ સુધી 'જય રણછોડ માખણ ચોર, જય રણછોડ માખણ ચોર' નામ સ્મરણ કરી આ કળીકાળમાં મોક્ષપદ મેળવવાનો પ્રયાસ કરતા નજર આવેછે. આખા હિંદુસ્ત

નમાં વસ્તા લોકો જે યાત્રા માટે રટણ કરવા નીકળેછે તે ગુજરાતમાં શ્રીરણછોડની ઝાંખી કરવાને ચુકતા નથી, અને વૈષ્ણવો તો અવસ્ય શ્રીદ્વારકાંદીશ અને શ્રીજીનાં શકિતનુસાર દરશન કરવાનાજ. તો ડાકોરનું થોડુંક વર્ણન યાત્રાળુંઓને અવસ્ય ઉપયોગી થઇ પડશે.

શ્રીરણછોડરાયનું સ્વરૂપ—ગોકુળથી મથુરાં જતાં માતા જસોદાને ભય લાગ્યો કે મારા બાળક પુત્રનું શું થશે? ત્યારે પરમાત્માએ પોતાનું મોટું સ્વરૂપ મુખારવીંદમાં બતાવ્યું તે શ્રીરણછોડરાયનું સ્વરૂપ જે હાલ ડાકોરમાં બીરાજમાન છે અને બાળક સ્વરૂપ તે શ્રીજીમાં બીરાજમાન છે તે બે સ્વરૂપોનાં દરશન અવસ્ય વૈષ્ણવોએ કરવાં જોઇએ. જે ડાકોરમાં શ્રીરણછોડરાયની ઝાંખી કરવા જાય તેમને માટે આ વર્ણન જાણવું અવસ્ય ઉપયોગી થઇ પડશે એવી પુરણ આશા છે.

ડાકોર એક નાનુંસરખું ગામ છતાં શ્રીરણછોડરાયના પધારવાથી હિંદુસ્તાનમાં વીખ્યાતી પામ્યુંછે તેમ એ ધામે આખા ગુજરાતને યાત્રા ધામ માટે વધારે પ્રખ્યાતીમાં આણ્યુંછે. ગમે તેવા શહેરમાં વસનાર મોજી પણ આસ્તિક પુરૂષ ડાકોરમાં આવી થોડા દીવસ ગુજારે તો તેને એક નાના સરખા શહેરમાં વાસ કીધો હોય એવો ભાસ થશે અને માણેકઠારી, કારતકી કે ચૈત્રીપુનમ ઉપર ડાકોર આવનારને તો જાણે મોટા શહેરમાં લહેર કરતા હોય એવું સમજાયા વગર રહેનાર નથી, તો આ સ્થળ શી રીતે વીખ્યાતીમાં આવ્યું તે જાણવાને દરેક પરગામીને ઉલટ થ

શે અને તે પુરી પાડવાને આ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

અસલ નામ.

ડાકોર અસલી વખતમાં રબારી એટલે ભરવાડ લોકનાં દશ પંદર છાપરાંથી વસેલું નાનુંસરખું ગામડું હતું જેને તે વખતે ખાખરીઆ નામથી ઓળખવામાં આવતું હતું.

ભરવાડોને વાસ કરવાને વીશાળ ચરા (પડતર જમીન) જોઈએ. કારણ તેમની પાસે સેંકડો અને હજારો ઢોર હોય તેમનો ચારો પુરો કરવાને વેરાન જંગલો સીવાય વસ્તીવાળાં ગામ કામ ન આવે તથી જંગલમાં મંગળ કરવાને છુટાંછવાયાં વેરાનોમાં વાસ કરી પડાવ નાંખતા તે પ્રમાણે એ લોકો માળ જેવી ઝાડી અને મોટા ચરાવાળી જગ્યામાં વાસ કરી ગામ વસાવ્યું હશે અને ત્યારથી એ ગામનું નામ ખાખરીઊ પડયું હશે કારણ ખાખરાની ઝાડી તે વખતમાં અહીં ગીચ હશે. આજે પણ કેટલીક જગાએ ખાખરાનાં ઝાડ જોવામાં આવેછે અને આખો માળ ખાખરાની ઝાડીથી ભરપુર છે એ ઉપરથી એમ અનુમાન થાયછે કે ડાકોર ગામ અસલ ખાખરીઉ કહેવાતું હશે.

ડંકપુર અને ગોમતી.

વાંચનાર વીચારમાં પડશે કે ખાખરીઆનું ડાકોર નામ શી રીતે પડયું. કાળે કરી ગામનાં નામ પણ ફરી જાયછે અને

તે પણ કેટલીક વખતે સકારણે. તેમ ખાખરીયાનું નામ ખાખરાના પાંદડાના જંગલે કરી પડેલું તે નામ મહાત્માનો નીવાસ થયાથી બદલાઈ તેમને નામે ગામનું નામ પડયું.

જેમ રબારીઓને વસવાને વીશાળ જંગલ જોઈએ તેમ અસલીવારામાં ઋષી, મુનિ, યોગી, અને સંત, જંગલ અને પહાડોની ગુફાવાળા નાના ગામડાની નજીકમાં એકાંત જંગલ અને ગુફામાં વાસ કરતા તે પ્રમાણે જયાં રબારી લોકોનાં ઢોર ચરવા જતાં અને એક મોટા ખાડામાં ચોમાસામાં પાણી ભરાતું અને બીજા વખતમાં ગાયોનું પવીત્ર મુત્ર ભેગું થતું જે ઉપરથી એ ખાડાનું નામ "ગોમુત્રી" પડેલું. એ ખાડાને પૂર્વ કિનારે એકાંતમાં એક કંડુઋષિના ભાઈ ડંકઋષિએ આશ્રમ કીધો હતો.

જેમ આજે વેરાગીઓ એકાદ છત્રો ઉભી કરી ગામ નજીક ખુલ્લી જગ્યામાં અડંગો ચાલેછે, અને ધીમે ધીમે ઓટલા અડાળી છાપરાં અને છેવટ વીશાળ જગા રોકી મંદીર બનાવેછે અને લોકો તેમને આશ્રય આપેછે. તેમજ આગલા વખતમાં જંગલી પણ દયાળુ માણસો ઋષિ મુનિઓનાં છાપરાં વગેરે બાંધી આશ્રય આપવાને ચુકતા નહિ હોય.

જ્યારે ડંકઋષિયે આવી આશ્રમ કીધો ત્યારે તેમને માટે એકાદ છાપરૂં પણ તૈયાર થયું હશે. ઋષિયોને જળનું સુખ પ્રથમ જોઈએ. બ્રાહ્મણો પણ પોતાનો વાસ જયાં પાણીનું સુખ હોય ત્યાં કરેછે તેમ ડંક ઋષિએ આશ્રમ કીધા પછી પેલા.

ગોમુતીનો ખાડો જેમાં ચોમાસે પાણી ભરાતું ત્યાં રબારી લો કોએ પોતાનાં ઢોર જતાં અટકાવ્યાં હશે એટલે એ ખાડો ઋ ષિજીના ઉપભોગ માટે એક નાનુંસરખું સ્વચ્છ તળાવ અના-યાસે થયું હશે એમ અટકળ કરવી ખોટી નથી અને તેજ દ હાડાથી એ તળાવનું નામ ઋષિજીએ ગોમતી પાડેલું હોવું જોઇયે.

ડંક ઋષિએ પોતાના આશ્રમમાં રહી બાર વરસ સુધી ઉગ્ર તપ કરયું જેણેકરી મહાદેવ જે ભોળા કહેવાયછે તે પ્રસ ન્ન થયા અને ઋષિજીને વર આપવા ઈચ્છા બતાવી. ઋષિ મુ નિઓને સંતતિ કે સંપતિની ઈચ્છા હોતી નથી જેમને એવી ઈ ચ્છા હોય તે જંગલમાં નિવાસ કરેજ નહિ માટે ઋષિજીએ મહાદેવ પાસે એવો વર માગ્યો કે આપ જો દયા કરી મારા ઉ પર પ્રસન્ન થયા છો તો મારૂ એજ માગવું છે કે અહરનિશ આપનું મને દર્શન થાય એ વર આપો. શિવજીએ તથાસ્તુ કહી વર આપ્યો અને તેજ વખતથી બાણરૂપે ત્યાંજ સ્થાપિત થયા અને તેમનું નામ ડંકેશ્વર પાડવામાં આવ્યું ત્યારથી ખા ખરીઆ ગામનું નામ ડંકપુર પડેલું હશે એમ માનવામાં આવે છે. આજે પણ ડંકેશ્વર અથવા ડંકનાથ મહાદેવ શ્રીરણછોડ રાયના સનમુખ બીરાજમાન થઇ રહ્યાછે અને અલોકીક મહી મા અદ્યાપી સુધી ચાલી રહ્યો.

ડંકપુર મહીમા.

ડંકેશ્વર મહાદેવનું સ્થાપન થવાની વાત આશપાસના ભાઇ

ણી ગામમાં જાણવામાં આવવાથી લોકો દરશને આવવા લા ગ્યા અને એમ પણ કહેવાયછે કે કોઇ સમા ઉપર એ ધામને લીધે શિવરાત્રી અને અમાસ (ત્રાંબેકરે નવું દેવાલય બંધાવ્યું તે અરસા સુધી) ઉપર જેવો હાલ ડાકોરમાં શંગ ભરાયછે તેવો શંગ ભરાતો અને લોકો યાત્રા કરવા આવતા તથા દુકાનોમાં માલની ખપત થતી એ પ્રમાણે શ્રીરણછોડરાયનું મોટું દેરૂં ત્રાંબેકરે બંધાવ્યું ત્યાં સુધી ડંકનાથની યાત્રા શીવરાત્રી અને અમાવાસ્યા વગેરે તહેવારો ઉપર ભરાતી એમ લોકોનું કહેવું છે. એ કારણે ડંકપુર વધારે વીખ્યાતીમાં આવતું ગયું. આજે પણ શ્રીરણછોડરાયની યાત્રા કરવા આવેલા અવસ્ય ડંકનાથનાં દરશન અને યથશકિત શેવા કરવા ભુલતા નથી.

એક સમે શ્રીકૃષ્ણ પરમાત્મા ભીમસેન સહિત અભિમન્યુના પુત્રના મુંજબંધન એટલે જનોઇના ઉત્સાહ ઉપર હસ્તીનાપુર ગયલા, ત્યાંથી પાછા ફરતાં ભીમસેનને માળના જંગલમાં ભારે તરસ લાગી અને પાણી માટે વ્યાકુળ થઇ પરમાત્માને વિનંતી કરી કે આ જંગલમાં કાંઇ પાણી મળશે કે શી રીતે? પરમાત્મા દ્વારકાંધીશે કહ્યું કે આ વનમાં કંડુ ઋષીના ભાઈ ડંડ ઋષિનો આશ્રમ છે અને તે આશ્રમ પાસે પાણીનો એક ખાડો છે માટે ચાલો ત્યાં જઇએ કદાચ ત્યાં પાણી પીવા જેવું મળશે. બધાઓ તે આશ્રમ તરફ ચાલ્યા અને જોયું તો એક સ્વચ્છ પાણીનો ખાડો દીઠો અને બધાએ પોતાની તરશ છીપાવી વીસામો લીધો પછી ભીમમસેને શ્રીકૃષ્ણ પ્ર

આત્માને પુછયું કે ડંકરૂષો મહાપ્રતાપી પુરૂષ હશે. પરમાત્માએ કહ્યું કે તેમને સાક્ષાત ભોળાનાથ પ્રસન્નછે અને લીંગરૂપે વાસ કરી રહેવા વચન આપેલુંછે તેથી કોઈ કાળે આ સ્થાન ડંકપુર નામે પ્રખ્યાત થશે. ભીમસેને કહ્યું કે જો આ તળાવ વીશાળ થાય તો સારૂં ઉપયોગી થઈ પડશે. તેથી ગદા લઈ મોટો પ્રહાર કરતાં તળાવ ફાટી આજે જે વીશાળ નજરે પડે છે તેવું થયું. ગદાના જબરા પ્રહારથી ઋષીજી જાગી ઉઠયા અને બાહાર નીકળી જોયું તો શ્રીકૃષ્ણ અને ભીમસેનને દીઠા. રૂષિજી કૃષ્ણ પરમાત્માને પગે લાગ્યા અને કહેવા લાગ્યા કે આપે અધર્મ નાશ કરવા અવતાર ધારણ કીધો છે માટે મારી મઢુલીમાં ઝુંપડીમાં નીવાશ કરી પાવન કરો કે મારૂં કલ્યાણ થાય. મુશાફરીના થાકથી પરમાત્માએ થોડોવાર નીવાશ કર્યો અને બીજે દીવસે વીદાય થતાં વધારે વખત રહેવાને રૂષીજીએ આગ્રહ કર્યો ત્યારે શ્રીકૃષ્ણ પરમાત્માએ કહયું કે હાલ મારે જવાની જરૂર છે પણ બુદ્ધાવતારમાં કેટલાંક વરશ વીત્યા પછી તમારા આ ધામમાં આવી હું નીરંતર નીવાશ કરીશ. અને આ અઘોર વનની જગાએ એક પવિત્ર શહેર થશે. એમ કહી વીદાય થયા.

ભીમસેનની ગદાથી ગોમતીનો પટ વધ્યો તે નવસે નવાણું વીઘાં જેટલું મોટું તળાવ થયું. અને એ જગાએ જ્યારે પરમાત્મા પધારશે ત્યારે, સાથે ગોમતીને લેતા આવશે એવા વચનથી જ્યારે બુદ્ધાવતારમાં શ્રીકૃષ્ણ પરમાત્મા જડ મુર્તી રૂપે પધાર્યાં ત્યારે સાથે ગોમતીજી લેતા આવ્યા હતા તેથી આજે

ડાકોરના ગોમતીજી એક તિર્થરૂપે પ્રખ્યાતી પામ્યા છે. તેમાં નાખવામાં આવતાં આરતી શંખ, ચક્ર. વગેરે થાય છે અને પ્રાણી માત્ર સ્નાને શુદ્ધ થવાથી તેમનાં પાતક માત્ર નાશ પામેછે. એ તીર્થનું પ્રાતઃકાળે અને સાયંકાળે વાજતે ગાજતે પુજન થાય છે અને શ્રીરણછોડરાયના પધારવાથી અનેક દેવસ્થાનો અને સંત સાધુનો વધારો થઇ એક નાહાનું શહેર બની રહ્યું છે.

રણછોડ એવું બુદ્ધાવતારમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ નામ ધારણ કર્યું અને તેનું બરદ પાળવામાં આવે છે. રણ એટલે કરજ તેથી છોડવનાર તે રણછોડ માટે એ ચતુર્ભુજ સ્વરૂપ પોતાના આસ્તીક ભકતોની ભકતીનું રણ એટલે કરજ રાખતા નથી પણ તેમની મુકતી કરીને વાળી આપે છે. બોડાણા ભગતે લાંબી મુદ્દત સુધી પોતાના હાથમાં તુળસી વાવી ઠેઠ દ્વારીકાં જઇ એમને ચરણે અરપણ કરી તો શ્રીપરમાત્મા પ્રસન્ન થયા અને પોતાના ભગતની સાથે ડાકોર પધારી રણમુકત થયા એ હકીકત આગળ આવશે.

ગોમતી મહીમા.

ગોમતી તળાવની માટી જુદા જુદા પ્રકારની ચારે બાજુથી નજર આવે છે ધોળી અને પીળી માટી જાત્રાળુ લોકો પવિત્ર માની પોતાની સાથે લેતા જાય છે અને પાતક નાશ કરવાના હેતુથી પોતાને વતન જઇ તેનો પવિત્રતા માટે ઉપયોગ કરેછે.

ગોમતી તળાવને વસ્તીવાળે કીનારે સાધુ સંતનાં વિશાળ મંદીર છે જેમાં રાત્ર દીવસ ભજન કીરતનની ધુન મચી રહેછે. અને ત્યાં સ્થાપીત થયલા દેવોની અનેક વિધીએ પુજા થઇ ઠાકોરને લાડ લડાવવામાં આવે છે.

ગોમતીની વસ્તી તરફની સામી બાજુએ રત્નગીરીનામે ડુંગરો પ્રખ્યાત છે. એ જગાએ કાચા હીરાની ખાણ છે. હિંદુસ્તાનમાં હીરાની જે સાડા ત્રણ ખાણો કહેવાય છે તેમાંની અરધી હીરાની ખાણ એ ડાકોરના ડુંગરામાં છે. હજી હીરા કાચા છે પણ કોઇકાળે ભવિષમાં તે જગાએ સારા હીરા નીકળશે એમ ઝવેરી અને ખનીજ વિદ્યા જાણનારા અનુમાન કરેછે. જે કોઇ દાહાડો સાચું પડી શ્રીરણછોડરાયના રાજ્યના એ નાહાના ગામનું કીસ્મત ખુલશે એવી આશા રાખવામાં આવેછે. એમ કહેવાયછે કે કેટલાક સુંદર પથરા કેટલાકને હાથ આવેલા છે પણ તે કાચા માલમ પડ્યા છે. મજકુર ડુંગરો લાંબે સુધી ઉત્તરમાં ચાલ્યો દેખાય છે. તેમાં કેટલેક ઠેકાણે ખુલા કીમતી પથરા દેખાય છે અને આગળ જમીનની અંદર રહેલા છે. આ પ્રતાપ શ્રીરણછોડરાય અત્રે પધાર્યા તેનોજ હોવો જોઇએ એમ ભગતો માને છે.

હેડંબા વન અને દેવસ્થાન.

ડાકોરની આસપાસ જે જંગલ હતું તે હેડંબા રાક્ષસીનું વન કહેવાતું. તેમાં ડંક ઋષી શીવાય બીજા ઋષીઓએ પણ

નીવાસ કરેલો કહેવાય છે. ડાકોરથી આશરે સાત કોશ ઉપર પ્રસિદ્ધ ગળતેશ્વર મહાદેવનું સ્થાન છે ત્યાં ગાલવ ઋષીએ આશ્રમ કરેલો તે ઉપરથી વિખ્યાતી પામ્યું છે. એ ધામ મહી નદીના કીનારા ઉપર છે.

ડાકોરથી આશરે એક કોશ ઉપર રણમુકતેશ્વર મહાદેવનું રમણીય સ્થાન છે. તે દેવનું સ્થાપન નીલકંઠ નામના મુનીએ કરેલું છે. આગળ તે ગામનું નામ રક્ષાપુર હતું જેને આજે લોકો રખીઆલ કહેછે.

ડાકોરથી સાત ગાઉને સુમારે શ્રીરામચંદ્રજીએ શ્રાધ કરેલું ત્યાં આજે ઉના અને ટાઢા પાણીના કુંડ છે જે કપડવંજ તાલુકાના લસુંદરા ગામ નજીક છે તેથી આજે તે લસુંદરાના કુંડને નામે ઓળખાય છે.

સુરેશ્વર મહાદેવનું રમણીય સ્થાન ડાકોરથી સુમારે બે કોશ ઉપર આવેલું છે.

શ્રીરણછોડરાય દ્વારીકાથી ભગત બોડાણા સાથે પધાર્યા તે સમે ડાકોરથી દોઢ ગાઉને સુમારે સીમલોજ નામે ગામની ભાગોળે એક લીમડાના ઝાડ નીચે વીસામા લીધો હતો. તેથી ત્યાં શ્રીરણછોડરાયની પાદુકા (પગલાં) છે અને તેના ઉપર એક નાહાનું ડેહેરૂં છે, જ્યાં સર્વ જાત્રાળુ પ્રથમ દરશન કરેછે. એને શ્રીરણછોડરાયને પ્રતાપે આખા લીમડામાંથી એક ડાળ મીઠું થયું હતું એમ લોકોએ જોડેલા ગરબા ઉપરથી જણાય છે. પગલાંની પાસે એક સુંદર વાવ જોવા લાયક છે.

ડાકોરથી ત્રણ ગાઉને સુમારે એક ઉમરેઠ નામનું નાહાના શહેર જેવું ગામ છે ત્યાંના વૈસણવોએ ધામધુમથી એક દશરાની સ્વારીને ઠાકોર શ્રીગોપાલ લાલજીને ઉમરેઠ પધરાવી એક વીશાળ બાગ અર્પણ કર્યો છે. ત્યાં શ્રીરણછોડરાયની બેઠક અને પાદુકા કરવામાં આવ્યાં છે અને હજારો લોક નીત્ય નીમ પ્રમાણે દરશણે જાય છે. એ બેઠકમાં નીત્ય નીમ પ્રમાણે દરશન થાય છે અને એવી દંત કથા ચાલી રહી છે કે એક સમે બેઠકમાં સેનભોગમાં મથીની ભાજીના તળેલા રોટલા ધરાવવામાં આવ્યા હતા તેમાંથી એક રોટલો શ્રીરણછોડરાયે ડાકોરમાં બીરાજમાન થઈ આરોગ્યો હતો અને સવારે મંદીરમાંથી વધેલા રોટલાનો કડકો સેવકોને હાથ આવ્યો ત્યારથી સખડી ભોગ વખતે હમેશાં ઘઉં મથી અને બાજરીના તળેલા રોટલા ધરાવવાનો નીમ શરૂ કર્યો છે. તો જાત્રાળુ લોકોએ શ્રીરણછોડરાયની ઉમરેઠમાં થયલી બેઠકનાં અવશ્ય દરશન કરી અવશ્ય દેહ સફળ કરવો જોઈએ. ઉમરેઠ અને ડાકોર ગોકુળ અને મથુરાં જેવો નીકટ સંબંધ ધરાવે છે.

ઉમરેઠથી દોઢ ગાઉને સુમારે પોર નામના અશલી સુંદર પણ હાલ પડી ભાગેલા ગામમાં શ્રીચત્રભુજનું રમણીય મંદીર છે. કોઈ દાહાડો એ ધામ પણ વીશાળ હશે અને આજે પણ એ મુર્તી દરશન કરવા લાયક છે માટે જાત્રાળુ લોકોએ તે જગા જોવાલાયક અને ચત્રભુજની પ્રતીમા અવશ્ય દરશન કરવા યોગ્ય છે.

ડાકોરવર્ણન.

ગોમતીજીના તલાવને ઉત્તર કીનારે ડંક રૂષીના ભાઇ કંડુ રૂષીએ આની મહુડા નામની ભુમી ઉપર નીવાશ કરેલો હતો. ને આજે રથ જાત્રાની સવારીને દીવસે શ્રીગોપાળ લાલજી તેજ-ગાએ આશ્રમ કરી સામગ્રી આરોગે છે. આ ભુમી પણ પવિત્ર સ્થાન છે ત્યાંથી તે માંખણીયા આરા સુધી ગોમતી તલાવની પાળ વડના ઝાડની છાયાએ કરી શીતળ અને રમણીય થઇ રહી છે. માખણીઓ આરો ઘણા વખતથી પ્રસિદ્ધ છે. એ આરો ડાકોર ગામની શરૂઆત થયો હશે કારણ પ્રથમનું ગામ તે તરફ વસેલું હોવું જોઇએ. શ્રીરણછોડરાય પણ પ્રથમ પધાર્યા ત્યારે જ્યાં શ્રીલક્ષ્મીજીનું મંદીર છે તેની નજીકમાં પ્રથમ બીરાજમાન થયલા. અને ગામમાં શ્રીરણછોડ પધાર્યા તે પહેલા ગામના લોકો એ આરે ડાધુ લોકો બેસતા તેથી એ આરાનું નામ શો-કણીયો આરો પડેલું. પણ જ્યારે શ્રીરણછોડરાય પધાર્યા અને એ આરે ગંગાબાઇને હાથે સાકર માંખણ આરોગ્યું ત્યારથી એ આરાનું નામ માખણીઓ આરો પડયું હશે. આજે પણ રથ યાત્રાને દીવસે શ્રીગોપાલ લાલજી એજ આરે બીરાજમાન થઇ સાકર માંખણ આરોગે છે.

આ માંખણીયા આરાથી તે સમાધી સુધી ગોમતીની પાળ વડના ઝાડનાં મુળીયાં અને માટીના બંધારણથી એવી મજબુત થઇ છે કે પથર જેવી બાઝી ગઇ છે અને તળાવનું પાણી ફાટી બાહાર નીકળવા પામતું નથી.

માંખણીયા આરાથી ઉતર તરફ એક તપોદન ગોવીંદરામ નામના બ્રાહ્મણે આરો બંધાવેલો તે આજે ગોવીંદઘાટને નામે ઓળખાય છે. ત્યાંથી આગળ ગામ તરફ જતાં સાળીગરામ સરજુદાસજી બાવાની જગા છે જે જગા ડાકોર આસપાસ દશકોશી લોકોમાં સારી પ્રસિદ્ધ છે. એ જગામાં સાળીગરામ જી અલોપ થઇ ગયલા કહેવાય છે. પણ પાછળથી લોકો એવી પણ શંકા કરતા હતા કે તેમનું ખુન થયું હશે.

આ સુંદર ધામની પાસે દશનામીનો અખાડો છે. અને તેમાં દશનામી ગોસાંઇ હક ધરાવે છે એ મકાન પણ ગામમાં અને ગામથી દશ કોશ સુધી પ્રસિદ્ધ છે. એ જગામાં લક્ષ્મણ પુરીજી માહારાજ હયાત હતા ત્યાં સુધી પોતાની ફરજ સમાલી અખાડો મોટા ભાભા સાથે ગાજતો રાખ્યો હતો. પણ હાલ તે અખાડો અવ્યવસ્થીત કારભારને લીધે તેટલો ગાજતો નથી અને શાંત પડી ગયો છે.

આ અખાડાની પાર ગામ તરફ દક્ષણી લોકના ભજનીની જગા છે. એ ભજની મંડળ સારી નીવૃતીવાળા છે અને માત્ર ભજન કરી પોતાના દીન નીરગમન કરે છે, જેમનું પોશણ શ્રીર ણછોડરાયની કૃપાએ યાત્રાળુ લોકથી થાય છે. અને કેટલીકવાર તો ભીક્ષા નહી મળવાથી તે લોકો અપવાસ કરી પોતાનો દીવસ આનંદમાં ગુજારે છે. એ ભજની લોકોએ જાત્રાળુ લોકો પાસે એક નાહાનું ઉઘરાણું કરી પોતાની જગાપાશે એક આરો બંધાવ્યો છે જે ભજનીના આરાના નામથી ઓળખાય છે.

માંખણીયા આરાથી ભજનીના આરા સુધી તમામ આરા નાહાના અને જગાવાળાની માલકીના જણાયા છે.

એ આરાની પાર બેહકાવાડનો વીશાળ આરો છે અને તેનો ઘણો ઉપયોગ ગામના ભાવસાર અને ધોબી લોક કરતા નજર આવે છે. તેમ એ આરો બંધાવવામાં ગામના ભાવસાર લોકોએ સારી મદદ કરેલી કહેવાય છે. મજકુર આરો ખુણામાં આવ્યો છે એટલે જાત્રાળુ લોકોના વાપરમાં તે ઝાઝો આવતો નથી.

આગળ જતાં વસોના અમીન કસીયાભાઇ રામદાસ તથા ગાયકવાડ માહારાજ ફતેસીંગની હવેલીઓ અને હવેલી પાસે આરા છે તે તેમના નામથી ઓળખાય છે.

એ જગાથી આગળ ભાગલો આરો આવે છે. એ આરો ઘણો જુનો હોય એમ દેખાય છે અને તે લાંબી મુદતથી ભાંગી ગયલો હોવાથી ભાગલા આરાનાં નામથી ઓળખાય છે. એ આરો કોણે બાંધ્યો તે જણાતું નથી પણ ઘણું કરી એવું અનુંમાન થાય છે કે તે સરકાર તરફથી બંધાયો હશે.

ભાગલા આરાની પાર મુસલમાન લોકોનો તકીયો છે. અને તેમાં તે લોકોએ પોતાની માલકીનો એક આરો બંધાવેલો છે.

તકીયાના આરાની પાસે ડંકનાથનો આરો, તેની પાસે ઇશ્વરનો આરો, તેની પાસે ભગતરામ બાબાની નજીકમાં તમનો આરો અને તેની પાર ભાગોળે ખડીયાટનો આરો, તે આરાથી

એક મોટો આરોકે જેના ઉપર સંન્યાસીનો મઠ, શીવાલય અને વેરાગીઓના છત્રીવાળાં અને નાહાની છાપરીવાળાં અડંગ ઘાલેલાં મંદીર છે. આ આરાની પાર ત્રીકમજીના અખાડાનો આરો, તેની પાસે કળેસરી માતાની જગા અને ત્યાંથી આગળ ભટજીની બેઠકનો આરો આવી ઘણુંકરી તમામ આરા પુરા થાયછે.

આ પ્રકારે ગોમતીના તલાવની ઉત્પતી અને તેના આરાનું વરણન પુરૂ કીધા પછી ડાકોરમાં શ્રીરણછોડરાય પધાર્યા અનો ગામને પાવન કરી પવિત્ર ધામ કરયું તેની મળી શકેલી થોડી હકીકત જાત્રાળુ માટે રજુ કરેલી ઠીક ઉપયોગી પડશે એવી આશા છે.

શ્રીરણછોડ ચરીત્ર.

મહાભારતનું પ્રકરણ પુરૂ થયા પછી એટલે પાંડવો હીમાળે ગળ્યા અને શ્રીકૃષ્ણ પરમાત્મા સ્વેરછાએ સધામ પહોચ્યા પછી બુધ્ધાવતાર ધારણ કરી ચત્રુભુજ સ્વરૂપે પ્રતીમા રૂપે શ્રીદ્વારીકામાં ૪૨૨૫ વરશ સુધી શ્રીરણછોડરાય બીરાજમાન રહ્યા અને તેવામાં ડાકોરના એક બોડાણા નામે ભગતે ભક્તીએ આધીન કરી ડાકોરમાં પધરાવ્યા એવી દંત કથા ચાલે છે.

બોડાણાની લેહ.

એક સમે કોઇ સંઘ દ્વારકાં જવા માટે હાલને સમે કહેવતા ડાકોર ગામની ભાગોળે પડેલા, જ્યાં એક રજપુતનો

વીજેકરણ નામે છોકરો હાલ જે બોડાણાને નામે પ્રસિદ્ધ છે તે આવ્યો અને લોકોને પુછયું કે તમે બધા કયાં જાઓછો? જાત્રાળુએ કહ્યું અમે દ્વારીકાંધીશના દરશન કરવા દ્વારીકાં જઈએ છે. તે સાંભળી બાર વરસની વયના બાળક વીજેકરણને શ્રી દ્વારીકાધીશનાં દરશને જવાની ઇચ્છા થઇ અને શંઘવાળાની પાછળ પાછળ દ્વારીકાં ગયો.

દરશન, નીમ અને તપ.

શ્રીરણછોડરાયના દરશનથી તેના મનની શાંતી થઈ અને ભક્તિની એટલીબધી લહે લાગી કે તે સંસારની મોહીનીરૂપ જાળમાંથી બહાર નીકળી પડયો અને પાકો સંત થયો. તેના મનની કલ્પના માત્ર એજ રહી કે દરેક પ્રકારે દેહકષ્ટ કરી નીમધારી થઇ શ્રીપરમાત્માની ભકિત અને દરશનમાં કાળ ગુજારવો તથી એવો નિમ ધારણ કીધો કે વરસમાં પગે ચાલી જેટલી વાર દ્વારીકાધીશનાં દરશન થાય તેટલીવાર કરવાં.

થોડે કાળે તેનું મન વધારે આશકત થયું અને કાંઇ તપ ઉપર લાગ્યું. તે તપ જંગલમાં જઈ કરવાને બદલે ગામમાં વીચીત્ર રીત કરવું ધાર્યું. હાથની હથેળીની કુંડી કલ્પી તેમાં તુળસીનો છોડ વાવી જ્યારે તેને મોજર આવે ત્યારે પગે ચાલી શ્રીદ્વારીકાં જઈ રણછોડરાયને ચડાવવાનો નીયમ લીધો..

પ્રભુની પ્રસન્નતા.

આ પ્રમાણે દેવસેવા અને દરશનમાં તદલીન થયલા ભક્ત જન બોડાણાએ આશરે ૭૦ વરસ સુધી એટલે પોતાની ૮૨ વરસની વય સુધી પરમાત્માને વરસમાં બેવાર તુળસી ચડાવ્યાં. જે સેવાથી પરમાત્મા પ્રસન્ન થયા અને ઘરડા ભગત બોડાણાને કહ્યું કે તારી સેવા અને આસ્થાથી સીમા થઈછે માટે હું તારી સાથે તારે ગામ આવવા ઈચ્છા કરૂંછું માટે હવે આવે ત્યારે એક વહેલ લેતા આવજે હું તારી સાથે આવીશ.

બોડાણાની તજવીજ.

હાલ જેવા ડાકોરના બ્રાહ્મણો મસ્ત અને મશકરા આપણે જોઈએ છીએ. તે પ્રમાણે તેજ સમયે પણ દ્વારીકાના ગુગળી માતેલ અભીમાની અને મશકરા હશે તેથી જ્યારે બોડાણો તપસ્વીને હાલ દ્વારીકામાં આવતા ત્યારે અનેક પ્રકારે ચેષ્ટા કરતા અને એવું પણ કહેતા હતા કે બોડાણો તો ઠાકોરને પોતા સાથે તેડી જવા આટલી જંજાળ વેઠે છે. બોડાણો શાંતપણે કોઈ વખત એટલોજ જવાબ દેતો કે જેવી પ્રભુની ઈચ્છા હશે તેમ થશે, મારાથી શું બને એમ છે?

બોડાણાને પરમાત્માએ દ્વારકા છોડી તેની સાથે આવવાની ઈચ્છા જણાવી એ વાત તેણે પોતાની પવીત્ર સ્ત્રિ ગંગાબાઈને કહી. ગંગાબાઈએ પોતાના પતીની વાત પ્રમાણ માની અને

આનંદ પામી કહ્યું કે જરૂર પ્રભુને આપણા ગામમાં તેડી લાવો તો તમારે વૃદ્ધાવસ્થામાં રટણ કરવાનું ઓછું થાય ને મારૂં પણ ભાગ્ય ઉદય થાય કે હું તેમની સેવામાં તત્પર રહું.

બોડાણાને આ પ્રમાણે સ્ત્રિની સલાહ મળતાં ગામમાં ગાડીની તપાસ કરી જેની પાસે જાય તે વાત ઉડાવે અને આટલી લાંબી મુસાફરી માટે ગાડું બળદ આપવા ન કહે. આ પ્રમાણે બધેથી બોડાણાને નીરાશ થવું પડતાં તે ખીજ થયો પણ તજવીજ કરવી જારી રાખી.

હસવામાં હાણ.

એક માણસે કાંતો મશ્કરી કરવા કે કાંતો દયાની ખાતર એક જુની વહેલ અને ટગુમગુ કરતા મરવા જેવા બળદીઆ આપવાને હા કહી. બોડાણો પરમભક્ત એટલે ધાર્યું ધણીનું થશે આવી જેની આસ્થા તણે આમતેમ કરી ભાગીટુટી વહેલ તૈયાર કરી અને ઘરમાં જે બે ધાતુપાત્ર (વાસણ) હશે તે વેચી બળદને માટે ચાર પુળાની સામગ્રી તૈયાર કરી તત્પર થયો અને જેમતેમ કરતાં એ ખડખડીયા વહેલ દ્વારીકાં લેઇ ગયો.

ભગત બોડાણાનો આ વેશ જોઇ ગુંગળી લોક મશ્કરી કરવા લાગ્યા કે બોડાણાજી તો શ્રીરણછોડરાયને આણે આ આ છે.' બોડાણે આ ઉપર કંઇ લક્ષ ન રાખ્યું. એક જગાએ વહેલ છોડી પોતે પરમાત્માના દરશન કર્યાં. પ્રભુએ તેના મતનું

સમાધાન કીધું કે તું હોંશીયાર રહેજે. આજે રાત્રે જરૂર તારી સાથે હું આવીશ.

ડર અને જાપતો.

ગુગળી જો કે બોડાણાની ઉઘાડી મશ્કરી કરતા તોપણ તે લોક ભક્તિનો મહીમા જાણતા તેથી વહેમ ભરાયો કે રખેને શ્રીરણછોડરાય તેની સાથે જાય! વળી બીજી એવી પણ શંકા થઇ હશે કે જાતે રજપુત છે માટે રાતને સમે ઠાકોરને ઉચકી ગાડામાં ઘાલી લેઇ પણ જાય. આવે પ્રકારે અનેક વહેમ લાવી સેનભોગ પછી જાપતા સાથે બારણાં સંભાળ્યાં, સાંકળ ભોંગળ કરી અને રક્ષકોને પાકી હુંશીયારીથી રહેવાને જણાવી બોડાણો મંદીરમાં ભરાઇ રહ્યો નથી અને મંદીર બાહાર અમુક જગોએ છે એવી ખાત્રી કીધા પછી સહુ ઘેર ગયા.

ઠાકોરજીની કુચ.

પરમાત્માને જ્યાં પોતાનું વચન પાળવું છે અને ભગત બોડાણાના રણમાંથી મુક્ત થવું છે ત્યાં માણસ માત્રના અનેક ઉપાય અને સાચવણી શા કામની? મધ્ય રાતને સમયે પરમાત્માએ રક્ષકોમાં ઘારણ મુકયું, એટલે તેઓ કુંભકરણની નીદ્રાએ ઘોરવા માંડચા, સ્વેચ્છાએ તાળાં ટુટચાં, સાંકળો અને ભુંગળો ઉઘડી ગઇ અને કમાડ ખોલી શ્રીરણછોડરાય જ્યાં ભગત બો.

ડાણો સુતો હતો ત્યાં જઇ તેને ઉઠાડયો, જાગ્રત કર્યો અને સ જ થવા આજ્ઞા કરી.

બીચારો બોડાણો આંખ્યો ચોળતો ઉઠયો અને ભાગીતુ ટી વહેલ હમણાં મરણ પામશે એવા નીરબળ બળદ જોડ્યા. શ્રીરણછોડરાએ કહ્યું કે તું હળવે રહી વહેલ ગામ બહાર કહાડ અને પછી મારા હાથમાં રાશપરોણો આપજે મને પણ ગાડી હાંકતાં આવડે છે જેમતેમ કરતાં વહેલ ગામ બહાર નીકળી. એટલે પરમાત્માએ ભગત બોડાણાને કહ્યું કે તું શ્રમીત છે માટે સુઇ જા હું વહેલ હાંકુંછું. બીચારો બોડાણો થાકેલો ઉંઘી ગયો અને પરમાત્માએ પોતાની લીલા કરી.

ગુગળીનો ગભરાટ અને શોધ

પ્રભાત થયું અને ગુગળી નાહીધોઇ મંદીરમાં આવ્યા તો બારણાં ખુલ્લાં અને મહી ઠાકોરજીને દીઠા નહી. તેઓ છેક ગભરા બની ગયા, રક્ષકોના હોશ ઉડી ગયા, ગામમાં આહા કાર થઇ ગયો અને ઠાકોરજી ચોરાયાની વાત ગામમાં ચાલતાં ભારે શોક વાપી રહ્યો. બધા એકત્ર થઇ તપાસ ચલાવી પછી તેમને પોતાની મશ્કરીની વાત યાદ આવી અને ખાત્રી થઈ કે બોડાણો વહેલ લઇને આવ્યો હતો તે અવશ્ય શ્રીરણછોડરાયને ચોરી ગયો.

આવી અવસ્થા થયા છતાં પણ ગુગળીનો મદ ઓછો થ

યો નહોતો તેથી હીમત રાખી બોલ્યા કે એ ચોર ક્યાં જનાર છે. મુદ્દાલ બળદ અને ટુટી વહેલથી તે દસવીસ ગાઉ નાંઠા હશે તો હમણાં પકડી પાડી તે ચોરને ઠીક સજા કરી ઠાકોરજીને પાછા પધરાવીશું. એમ વીચાર કરી ગુગળીઓ ભેગા થઇ સાથે ગામલોક, કાબાની અને રાજાની મદદ લેઈ બોડાણા પાછળ હથીઆરબંધ થઈ નીકળી પડ્યા.

પધરામણી.

બોડાણાએ માત્ર ચાર કલાક ઊંઘ લીધી નથી એટલામાં તે પેલી વીમાનરૂપ વહેલ ઉમરેઠથી દોઢ ગાઉને છેટે શીમળોજ ગામ આગળ આવી ખડી થઇ. પરમાત્માયે બોડાણાને જગાડ્યો અને કહ્યું કે આ ખાખરાના વનમાં મને મારગ જડે તેમ નથી માટે ઉઠ અને જો કે અહીથી તારૂં ગામ કેટલું દુર છે? બોડાણાયે જવાબ દીધો કે કૃપાનાથ મારૂં ગામ અહીથી દોઢ ગાઉ વેગળું છે. પેલો મારા ગામનો શીમાડો દેખાય. પછી બોડાણે વહેલ હાંકવા માંડી અને શ્રીરણછોડરાય બુદ્ધાવતારે પાછા વહેલમાં બીરાજમાન થયા.

શીમળજને પાદરે જ્યાં લીંબડાના ઝાડ નીચે શ્રી દ્વારીકાંધીશે વીશ્રાંતી લીધી હતી ત્યાં તેમની પાદુકા પડી અને એક ડાળ લીંબડાના કડવા ઝાડનું મીઠું થઇ ગયું.

બોડાણો શ્રીદ્વારીકાંધીશને લઇને પોતાને ઘેર ગયો અને ત્યાં એક ઓટલી ઉપર આસન આપ્યું અને પધરાવ્યા તે સેવક

૧૨૧૨ ના કારતક સુદી ૧૫ નો શુભદીવશ હતો એવું દંતકથા અને છપાયેલાં પુસ્તકો ઉપરથી જણાયછે.

ગુગળી અને ગામ.

બોડાણાની સ્ત્રી ગંગાબાઇને શ્રીરણછોડરાયના દરશનથી ભારે આનંદ થયો અને નીત્ય શેવામાં દીન ગુજારી આનંદ કરતી પણ તે આનંદ ઘણા દીવસ ચાલ્યો નહી. દ્વારીકાંથી નીકળેલા ગુગળી થોડે દીવસે ડાકોર આવી પહોંચ્યા. આ વાતની અગમચેતી માટે પરમાત્માએ બોડાણાને કહ્યું કે મને પ્રથમ ગોમતીમાં પધરાવો કે તે લોક મને ઉચકી જવા પામે નહિ. પછી તમે તેમની સાથે ચીરઠી કરી હરેક પ્રકારે સમજાવી વિદાય કરજો. આ પ્રમાણે બોડાણાએ શ્રી ઠાકોરજીને ગોમતીમાં પધરાવ્યા અને પછી ગામથી દુર પડેલા ગુગળી અને તેમની સાથે આવેલા લશ્કર સામે ગોરસ લઇ બોડાણો જાતે સમાધાની માટે જતો હતો તેને દેખતાંજ કોઇ કુધતે પેલો ચોર આવે કહી બાણ માર્યું જે બાણેકરી બોડાણાનો મોક્ષ થયો અને વૈકુંઠ ધામ પામ્યો. આ તીર શ્રી રણછોડરાયે ઝીલો લીધું તેથી તેમની કુંખમાં પેઠું અને ગોમતી જળમાં રૂધીરની ધાર ચાલી.

અહીં બોડાણો પડ્યાની વાત ચાલતાં ગામલોક ઉશ્કેરાયું. પરમાત્માએ સતી ગંગાબાઇને સમજાવ્યું કે તારા ધણીનો મોક્ષ થઇ તે સ્વર્ગે ગયો છે માટે તારે કલ્પાંત કરવું નહિ

અને થોડા કાળમાં તારી પણ સદગતી થશે અને તમે બન્ને જણ મારી સમક્ષ અખંડ આનંદ કરશો. એટલે તે સતીના મનનું સમાધાન થયું અને શ્રી ઠાકોરની શેવામાં સદા તત્પર રહી. તેમ ઠાકોરજીએ બોડાણાનું ચતુર્ભુજ સ્વરૂપે દરશન કરાવ્યું તેથી આનંદ પામી.

ગામમાં ગુગળી અને કાબાનો કળાહોળ થઇ રહ્યો. રજપુતો હથીઆર લઇ સામા થયા. અને સતી ગંગાબાઇને કાંઇ પણ સતાવતાં તેમને ખમવું પડશે એમ જણાવતાંજ જરા સમાધાની થઇ. ગુગળીએ માત્ર ગંગાબાઇનું ઘર સોધ્યું પણ ઠાકોરજી દીઠા નહિ. પછી તેમને ખબર મળી કે શ્રી રણછોડરાય તો ગોમતીમાં બીરાજમાન થયા છે; એટલે ગુગળી ગોમતીમાં પેઠા પણ કાંઇ પતો લાગ્યો નહિ. છેવટ ઠાકોરજીની મુર્તી જણાઇ પણ તે કેમે કરતાં બહાર નિકળી નહિ એટલે તે લોકો નિરાશ થયા અને મરણ આદરી ગોમતી તીરે લાંઘવા બેઠા.

ગુગળીનો ત્રાસ.

ગુગળી લાંઘા કરી મરશે એવી ખાત્રી થવાથી ગામ લોક અકળાયા અને ગંગાબાઇને ભારે ત્રાસ થયો. કારણ જ્યારે કાબાએ બાણથી બોડાણાને માર્યો અને રજપુતો તે મારનારનો પ્રાણ લેવા જતા હતા ત્યારે બોડાણે તેમને વાર્યા. અને કહ્યું કે મેં ઠાકોર ચોરી આણ્યા માટે હું ચોર છું અને તેનું મને

સાશન થયું. વળી ગુગળી મારા ગોર માટે તેમને મરાય નહિ. એમની સમજુત થઈ વીદાય થશે ત્યારેજ મારા જીવને શાંતી વળશે. તે વાત પાછી સાંભરતાં ગંગાબાઈ ખીસાયાં. રોજ ગોમતીમાંથી રાતને સમે પરમાત્મા ભોગ આરોગવા ગંગાબાઈને ઘેર જતા તેમ આ સમે પણ શ્રી ઠાકોરજી ભુખ લાગવાથી ભોગ આરોગવા આવેલા પણ ગંગાબાઈએ ભોગ ધરાવ્યો નહિ અને પોતે પણ અપવાસ કરેલો. શ્રી રણછોડરાયે સતી ગંગાબાઈને કહ્યું કે મને ભુખ પીડા કરે છે માટે ભોગ ધરાવ. ગંગાબાઈએ વિનંતી કરી કે મને પણ અપવાસ છે. અને મારા સ્વામિના ગોર ગુગળી લાંઘી પોતાનો પ્રાણ ત્યાગ કરશે. માટે તેનું સમાધાન કરો અને હું તમને ભોગ ધરાવું. નહિ તો મારે પણ ખાવું નથી અને તમને ભોગ પણ ધરાવવો નથી માટે જેવી. આપની ઈચ્છા હોય તેવી બધાની ગતી થવા દ્યો મારો ઉપાય નથી.

લોભે લુંટાયા.

પરમાત્માએ દયા કરી ગંગાબાઈને કહ્યું કે એ ગુગળી સેવાના ભુખ્યા નથી. પણ તેમને ગુજરાનનો બીજો મારગ નથી અને ધન લોભી છે માટે એમને કહો કે શ્રી ઠાકોર બરોબર સોનું આપવામાં આવે તો તે લઈ વિદાય થશો? ગંગાબાઈ ગભરાયાં અને ઉત્તર દીધો કે મારા ઘરમાં ઘંટીમાં ઘાલવા દા-

ણા નથી તો હું સોનું કયાંથી લાવીશ? શ્રી રણછોડરાયે સતી ગંગાબાઇને સમજાવ્યાં કે તમારા ઘરમાં એક સવાલ •વાની વાળી છે તે તુળશી દળ સાથે ત્રાંબામાં મુકશો તો તે સોનું મારા કરતાં નમશે. માટે કોઇ પ્રકારની ચિંતા કરવી નહિ. ગુગળી લોભથી હા કહેશે અને તેમનો ઉતાવળો નિકાલ થશે. માટે જરૂર એ તજવીજ કરજો. અને મને ભુખ લાગી છે માટે ભોગ ધરાવો. સતીએ શ્રી ઠાકોરજીને ભોગ ધરાવ્યો અને પછી ગુગળીને સોનાની વાત કહી એટલે તેઓ રાજી થયા અને ભોજન કીધું તથા તે વાત બીજા દીવસ ઉપર મુલતવી રાખી.

પ્રભુની કળા.

ગુગળી સાથે કરાર થયો કે શ્રી રણછોડરાય જેટલું તમને સોનું આપવું અને તે લઇને તમણે પોતાને દેશ જવું. ગુગળી રાજી થયા કે આપણને આટલું બધું સોનું મળશે એટલે આપણા નશીબમાંથી ભીખ ટળશે અને ધનવાન થઇશું તો આપણને કોઇની ગરજ રહેનાર નથી તેથી રાજી થયા. બીજી તરફ ગામલોક ગભરાયા અને વિચારમાં પડ્યા કે ગરીબ ગંગાબાઇ આટલું બધું સોનું લાવશે કયાંથી અને ગુગળા શી રીત વીદાય થશે. માત્ર ગરીબ પણ સતી ગંગાબાઇની હાંસી થશે, એવા વિચારમાં ખીન્ન થયા. તેમને ગંગાબાઇએ સમજાવ્યું કે શ્રી ઠાકોરજીને પ્રતાપે મારા ઘરમાં સોનાનો ભંડાર ભરેલો છે

કોટે પ્રભુ ઉપર આસ્તા રાખો, પરમાત્મા સારાં વાનાં કરશે. એમ તેમને સમજાવ્યા અને પોતે પ્રભુનું સ્મરણ કરી પેલી નહાનીસરખી વાળી છેડે બાંધી અને એક પાળી પોતાની સાથે રાખી તે એવી ધારણાથી કે જો પ્રભુએ કહ્યા પ્રમાણે થશે તો મારી લાજ રહેશે અને તેમ નહિ થાય તો આ પાળી પેટ મારી મારો પ્રાણ ત્યાગ કરીશ.

ગામલોક અને ગુગળી ગોમતીને તીરે ભેગાં થયા. ડંક-નાથને આરે ત્રાંસ બાંધવામાં આવ્યો અને ગુગળીને કહ્યું કે જળમાંથી શ્રીરણછોડજીને બહાર લાવી ત્રાંસમાં પધરાવો. ગુગળી જળમાં પેઠા અને શ્રી રણછોડરાયને ઉંચકી બહાર કહાડવાનો પ્રયત્ન કીધો પણ પરમાત્મા બહાર લાવી શકયા નહિ. પછી સ-તી ગંગાબાઈ સ્નાન કરી જળમાં પેઠાં અને જેમ એક માતા પોતાના બાળકને કેડમ બેસાડી લાવે તેમ તે ભાગ્યશાળી બાઈ ઠાકોરને બહાર લાવ્યાં અને એક ત્રાંસમાં મુર્તિ પધારાવી અને બીજા ત્રાંસમાં તુળશી દળ સાથે પોતાની વાળી મુકી. તો પરમાત્મા-વાળું ત્રાંસ ઉંચું ગયું અને સવા વાલની વાળી શ્રી ઠા-કોરજીથી સવાઇ નીચી નમી. આ જોઇ ગુગળી ગભરાયા અને લજ્જ થએલા એટલે તેમનાથી કાંઈ વધારે બોલી શકાયું નહિ પણ નીચું જોઇ ઉભા રહ્યા અને પશ્ચાતાપ કરવા લાગ્યા તથા ફરી દેહ પાડવા તૈયાર થયા.

પુજારીપર દયા.

સતી ગંગાબાઇએ પાછી પ્રભુની પ્રાર્થના કરી. કે આ બ્રાહ્મણનું મન મનાવો. ત્યારે પ્રભુએ કહ્યું કે તેઓ લોભી છે. સેવામાં તેમનું મન નથી માટે મને તેમના ઉપર દયા આવતી નથી, તોપણ તમારા આગ્રહથી હું તેમને સુખી કરીશ અને મનાવીશ. એમ કહી ગુગળીને સ્વપ્ન આપ્યું કે ગભરાશો નહિ હું તો અહીંજ રહીશ અને તમારી સાથે આવનાર નથી. પણ દ્વારીકાંનો મહિમા જેવો હતો તેવોજ રહેવા માટે અને તમારૂં ચરીતાર્થ ચાલવા માટે હું તમને પ્રસન્ન થાઉંછું. દ્વારીકાં પાસે જે સેવંત્રી વાવ છે તેમાં મારીજ એક બીજી પ્રતિમા છે તે કહાડી મારી જગાએ પધરાવજો અને પ્રતિષ્ટા કરજો. જેવો મહિમા આજ લગણ રહ્યો છે તેવોજ રહેશે અને તમને સેવાનું ફળ મળશે અને સુખી થશો પણ તે પ્રતિમા કારતકી પુનમ સુધી બહાર કહાડશો નહિ.

લોભી ગુગળી.

આ પ્રકારે ગુગળીને રાજી કરી વિદાય કરવામાં આવ્યા અને શ્રી ઠાકોરજી તે પછી ગોમતીને તીરેજ કેટલોક વખત સુધી શ્રી ડંકનાથ મહાદેવ પાસે બીરાજમાન રહ્યા. પછી ગંગાબાઇની ઓરડીમાં એક નહાનું દેહેરૂં બંધાવ્યું તેમાં કેટલાંક

વરસો સુધી બીરાજમાન રહ્યા. એ દેહેરાના ભાગરા આજે પણ એ ઓરડીમાં ભોંયથી જરા ઉંચે દેખાય છે. મજકુર દેહેરાવાળી ઓરડી મંદીરને તાબે છે અને ભાડે આંપવામાં આવી છે. તે ભાડાનો લોભ નહિ કરતાં ટ્રસ્ટીવર સાહેબ તે દેહેરૂં ચારે બાજુથી ખોદાવી લોકોનાં દરશન માટે ખુલ્લું રાખે તો જરૂર તે જગા ભોંયરારૂપ સુંદર જોવા લાયક અને પવિત્રતાને માટે ભાવિકોને પુજવા લાયક થઈ પડશે.

ગુગળી પોતાને દેશ જવા તૈયાર થયા અને દ્વારીકાં પહોંચતાંજ તેમની ધીરજ રહી નહિ. તેમને અંદેશો થયો કે શ્રી રણછોડરાયે આપણને બીજી પ્રતિમા બતાવી છે ખરી પણ એ વાત ખરી હશે કે આપણને છેતર્યા હશે તેથી મનમાં અધીરાઇ પેંદા થઇ અને સેવંત્રી વાવમાં જઇ વચન ઓળંઘન કરી ઉતાવળી શોધ કરી તો શ્રી દ્વારકાંધીશની પ્રતિમા ખડખચડી વાવમાંથી નીકળી અને તેની પ્રતિષ્ટા કરવામાં આવી જે મુર્તિ આજે દ્વારીકાંમાં બીરાજમાન છે અને લોકો ત્યાં પણ યાત્રાએ જાય છે.

શ્રી રણછોડરાયની પહેલી પધરામણી બોડાણાને ઘેર થઇ, પછી થોડા દીવસ જળમાં વાસ કીધો. તે પછી ત્રણ વરસ ગંગાબાઇએ પોતે સેવા કરાવી અને તે સધામ પહોંચ્યા પછી બ્રાહ્મણોના કબજામાં તે પ્રતિમા આવી અને બ્રાહ્મણોએ તેમનું પુજન કરવા માંડયું.

નાનું મંદીર.

થોડાક કાળ પછી જ્યાં બોડાણાનું ઘર હતું ત્યાં એક નહાનું સરખું મંદીર બંધાવવામાં આવ્યું અને તેમાં શ્રી રણછોડરાયને પધરાવ્યા એ મંદીર નહાનું અને લોકોની મેદની વધારે દરશને આવવા લાગી તેથી પ્રભુએ થોડા કાળ સુધી પોતાનો મહિમા ઓછો કીધો. લોકો આવી હેરાન થવા લાગ્યા તેથી સંઘ કમી થયો હશે. આ પ્રકારે ચારસો વરસ વીત્યા પછી કળી અને અધર્મે લોકને પીડા કરવા લાગ્યાથી શ્રી લક્ષ્મીજીએ પરમાત્માને વીનંતિ કરી કે જો આપ આજ્ઞા કરો તો મારા ભગત (ધનવાન) પાસે એક વિશાળ મંદીર સ્વપ્ન આપી બંધાવું. પરમાત્માએ કહ્યું કે મારા કામમાં અધર્મનો પૈસો આવતો નથી. માટે જો કોઇ ધાર્મીક પુરૂષ મંદીર બંધાવશે તો બીરાજમાન થઇશ અને તમે સુખે તમારા ભક્તને આજ્ઞા કરો.

આવું વચન થવાથી શ્રી લક્ષ્મીજીએ પોતાના એક ભકત જે ખંભાતનો વણીક હતો તેને સ્વપ્ન આપ્યું અને આશરે ૧૭૮૧ની સાલમાં રતનસીંહ નામના વણીકે હાલ જે શ્રી લક્ષ્મીજીનું મંદીર છે તે બંધાવ્યું અને તેમાં શ્રી રણછોડરાય શ્રીલક્ષ્મીજી સહવર્તમાન બિરાજમાન થયા તે વખતે પ્રતિષ્ઠા થઈ પ્રતિમા પધરાવવી તે કોઇથી ઉચકી શકાઇ નહિ અને ઠાકોરે સ્વપ્ન આપ્યું કે બોડાણાનો કોઇ વંશજ શોધી કહાડો. એટલે શોધ કરતાં બોડાણાના વંશનો એક દીપસીંહ શોધી

કહાડયો અને તેને હાથે પ્રતિમા નવા લક્ષ્મીજીવાળા મંદીરમાં ધામધુમ સાથે પધરાવી.

પુજા નીમ.

આ સમા ઉપર તપોદન એમ કહે છે કે અમે શ્રી રણછોડરાયની પુજા કરતા હતા અને ખેડાવાળ એમ કહે છે કે અમે ખંભાળજથી ધંધા અરથે ડાકોર અહરનીશ આવતા અને દેવની પુજા કરતા અને દેવ નીરમાલ્ય તપોદન લઈ જતા. ગમે તેમ હો પણ એ બ્રાહ્મણો શ્રી રણછોડરાયની પુજા કરતા. આવામાં કોઈ વલ્લભકુળના બાળક શ્રી રણછોડરાયનાં દરશન કરવા પધારેલા તેમને આ પુષ્ટીમાર્ગના પરમાત્માની અવ્યવસ્થીત સેવા થતી જોઈ ભગતો અને બ્રાહ્મણોની સમજુત કરી કે તમારે સેવાના નીમ કરવા અને સેવાનો અધિકાર ખેડાવાળને આપી તપોદને દેવનો મહિમા વધારવા તથા દેવનો ખરચ નભે તે માટે પ્રયત્ન કરવા તજવીજ કરવી.

આ સલાહ યોગ્ય લાગ્યાથી સેવાનું કામ ખેડાવાળને સ્વાધીન કરી તપોદન તાળાં-કુંચી સંભાળવા લાગ્યા તથા મંડળી થઈ પરગામ ફરી દેવનો મહિમા વધારવા તથા સેવા અને ભેટ ઉઘરાવવા મહેનત કરવા લાગ્યા.

ખેડાવાળ અને શ્રીગોડ.

આ પ્રકારે દેવનો મહિમા વધવા માંડયો અને દેશ

દેશાવરના લોક દરશન કરવા આવવા લાગ્યા અને પ્રભુનો મહિમા વધવા માંડયો. ખેડાવાળને દેવની સેવા કરતા જોઇ તેમના જાતભાઇ તેમને દુષણ લગાડી ગુગળી કહી નીંદવા લાગ્યા. નાતમાં આ પ્રકારે તેમને માટે બોલાતું જોઈ ખેડાવાળે રસોઈ કરવાનું કામ બંધ કરી પોતાના ભાગમાં શ્રીગોડને સામેલ કીધા. આ પ્રકારે આજે શ્રી રણછોડરાયની સેવક દાખલ સેવા કરતાં જે લાભ થાય તેમાંથી અરધો ભાગ તપોદન લે છે. અને અરધનો ભાગ ખેડાવાળનો તેમાંથી અરધો શ્રીગોડને આપવામાં આવે છે. એટલે જ્યારથી આ રીત શરૂ થઇ હશે ત્યારથી તપોદન, ખેડાવાળ અને શ્રીગોડ પોતાના નેક અને હિસ્સા પ્રમાણે વહેંચણુ કરતા આવ્યાછે.

હાલનું દેવાલય.

શ્રીલક્ષ્મીજીવાળુ મંદીર બંધાયા પછી આશરે ૪૭ વરશ શ્રીરણછોડરાય ત્યાં બીરાજમાન થયા તે પછી દક્ષણમાં વાસ કરતા શ્રીમાન ત્રાંબેકર ગોપાળ નાયક જે પેશવાઇના મોટા સરાફ હતા તેમને દ્વારીકાં જઇ શ્રીરણછાડરાયના દરશન કરવા જવાની ઇચ્છા થતાં તેઓ યાત્રાએ નીકળ્યા તેમને માર્ગમાં સ્વપ્ન થયું કે હું તો ગુજરાતમાં આવેલા ઠાસરા પરગણાના ડાકોર ગામમાં વસુછું માટે ત્યાં દરશને આવવું અને મારે માટે એક મંદીર બનાવવું. આ૦ સ્વપ્ન આળપંપાળ જાણી ગોપાળ નાયક આગળ ચાલ્યા અને ફરી પાછું તેજ સ્વપ્ન થયું, તેમ

બ્રાહ્મણ રૂપે સાક્ષાત પ્રગટ થઈ શ્રીરણછોડરાયે ઉપદેશ કીધો તે
થી તે પોતાના રસાલા સહીત પાછા ફરી ડાકોર આવ્યા અને
શ્રીરણછોડરાયનું દરશન કરી મન શાંત થયું. પછી મોટો ખરચ
કરી વીશાળ મંદીર બંધાવ્યું અને શ્રીરણછોડરાયને ૧૮૨૮ ની
સાલમાં ત્યાં પધરાવ્યા અને ફરી પ્રતીષ્ટા કરી. તે વખતે પણ
દેવ કોઇથી ઉપાડી શકાયા નહી અને પાછું એજ સ્વપ્ન થયું
કે બોડાણાના વંશનાને શોધી કાહાડો. તે પ્રમાણે શોધ કરતાં
એક રામસીંહ નામે માલમ પડયો તેને બોલાવ્યો અને તેણે
સ્પરશ કર્યો એટલે દેવ પધરાવી શકાયા અને ધામધુમથી નવા
ત્રાંબેકરે બંધાવેલા દેવાલયમાં ફરી પ્રતીષ્ટા કરવામાં આવી.
પરમાત્મા શ્રી લક્ષમીજીના મંદીરમાંથી નવા મંદીરમાં પધારતાં
શ્રીલક્ષમીજીએ પોતાને વીયોગ થશે એવી વીનંતી કરતાં શ્રીરણ
છોડરાયે જણાવ્યું કે દર શુકરવાર અને અગીઆરસે હમેશ
ગાજતે વાજતે આપને મંદીર મારૂ બાળસ્વરૂપ ગોપાળલાલ
જી પધારશે અને બીજા હરેક વરઘોડા અને સ્વારી વખતે પણ
પધારશે. આ વીયોગ કહેવા માત્ર છે અને આપણે પરસ્પર સાથે
જ રહીશું, એમ કહી સંતોષ પમાડયાં.

આ રીતે શ્રીરણછોડરાયની બુદ્ધાવતાર ધારણ કરેલી સ્વ
યંભુ મુર્તી ૪૨૨૫ વરસ દ્વારકામાં નીવાશ કર્યા પછી સંવત
૧૨૧૨ ની સાલમાં ડાકોરમાં પધારી. થોડા દીવસ બોડાણાના
ઘરમાં રહ્યા પછી થોડા દાહાડા ગોમતી જળમાં નીવાસ કીધો.
ગુગળીને સમજાવી વિદાય કીધા પછી ફરી ગંગાબાઇની ત્રાજ

વરસ સેવા અંગીકાર કરી. ત્યાર પછી એક નાહાના મંદીરમાં સ્થાપના થઈ. સંવત ૧૭૮૧ માં શ્રીલક્ષ્મીજીના સેવક રત્નસીંહે મંદીર બંધાવ્યું ત્યાં બીરાજમાન થયા અને તે પછી સંવત ૧૮૨૮ માં ગોપાળનાયક ત્રાંબેકરે વીશાળ દેવાલય બંધાવ્યું તે માં તે વખતથી તે અત્યાર સુધી શ્રીરણછોડરાય બીરાજે છે અને તે દીવસથી દીન પ્રતીદીન મહીમા વધતો ચાલ્યો જે આ જે આપણે જોઈએ છે.

રાજદરબાર.

ગોપાળનાયકે શ્રીરણછોડજીનો વહીભવ નભાવવા માટે પોતાના વગથી રાજવંશીઓ પાસે પ્રથમ ડાકોર અને પછી કંજરી મળી બે ગામ ઈનામમાં મેળવ્યાં. જે શ્રીઠાકોરજીને અરપણ થવાથી રાજા ઠાકોર કહેવાયા અને સર્વ પ્રકારે રાજવઈભવ જેવો કારભાર ચાલે છે. એ બે ગામની ઉપજ શ્રીઠાકોરજીના નેક માટે તથા ત્રાંબેકરના વંશજના ગુજરાન માટે અમુક નીયમ થઈ ઉપયોગમાં આવે છે. ગામની શોભા માટે અતીથીને એ ખાતામાંથી સદાવ્રત આપવામાં આવે છે, માગણને સંતોખવામાં આવે છે અને સર્વ પ્રકારે રાજરીત જેવો કારભાર ચાલે છે.

કેટલોક વખત સુધી ત્રાંબેકરના વંશજ જે વહીવટ કરતા હોવાથી વહીવટદાર કહેવાયા. તેમના હાથમાં થોડી ફોજદારી સત્તા પણ હતી. પણ સેવક, વહીવટદાર અને મેવાડા લોક વચ્ચે પરસ્પર સંપ ન હોવાથી અનેક જાતની ફરીયાદો ઉત્પન્ન થવાથી

ફોજદારી વહીવટ લઈ લેવામાં આવ્યો હતો. ફરી માજી વહીવટ દારને આનરરી માજીસ્ટ્રેટની સત્તા મળેલી અને તે માટે પણ તેવીજ પાછી ભાંજગડ ઉઠવાથી તે સત્તા લઈલેવામાં આવી અને છેવટ તે દેવલોક પામ્યા. જેમનો વારસો તેમણે શાસ્ત્ર પ્રમાણે કરી લીધેલ દત્તક હાલના જુવાન ગોપાળ નાયકને મળેલો છે જેમની બાલ્યાવસ્થાને લીધે તેમના જન્મ તાત રા. રા. કૃષ્ણરાવ ગોપાળ ઉરફે બાલા સાહેબે વાલીપણાની સરટીફીકેટ મળવી આજે ડાકોરના ઇનામી ગામ અને બીજી મીલકતનો વહીવટ ચલાવે છે.

મંદીરની વ્યવસ્થા.

ત્રંબેકર તરફથી નવા બંધાયલા દેવાલયમાં શ્રીરણછોડરાય પધારવા પછી સેવકો એટલે તપોદન, ખેડાવાળ અને શ્રીગોડ મળી એક સલાહથી મંદીરનો કારભાર કરતા આવ્યા છે. પણ કેટલીક મુદત ઉપર કોઇ સેવકના મનમાં એમ આવ્યું હશે કે ઠાકોરના માલેક અમે અને વહીવટદાર કારભાર શાનો કરે? આવા કુતર્કથી કે બીજે પ્રકારે પ્રથમ કોઇ પ્રકારના દીવાની દાવાની શરૂઆત થઇ. એટલે જેમ લાકડાની ચાકીમાં એક નાહાની અણગારી પેસતાં પજળીને સળગી જાય તેમ અનેક પ્રકારના દાવાથી સેવકો અને વહીવટદારનાં મન જુદાં થયાં છે અને વકીલોના તડાકાથી નવા નવા દાવા જનમ પામી આજે ઠાકોર જાણે નધણીયાતું હોય તેવી વ્યવસ્થા થઇ પડી છે.

પારટીઓ.

એક તરફ સેવક મંડળ, બીજી તરફ વહીવટદારનું મંડળ અને ત્રીજી તરફ ગોર નામ ધારણ કરેલા મેવાડા એ ત્રણ તરફના ખેચાણ વચ્ચે ડાકોરનું દેવ મંદીર આવી પડયું છે. સેવકો વહીવટદારના પક્ષમાંથી ખસ્યા એટલે અનાયાસે વહીવટદારને મેવાડા લોકને પોતાના પક્ષમાં લેવા પડ્યા. મેવાડા આ દાવ સાંધી શ્રી ઠાકોરના મંદીરમાં પોતાનું લાકડું છે એવો દાવો આણ્યો અને તેમાં કોઇ જાતનું હુકમનામું થયું છે તેના અમલ માટે અનેક પ્રકારના વાંધા ઉઠે છે તે લોકોના જાણવામાં છે.

સેવકોએ વહીવટદાર પાસે હીસાબ માગ્યો અને તેવું હુકમનામું થયું એટલે વહીવટદારે દેવમંદીર સારવજનીક ઠરાવવા દાવો કીધો અને તેમના હાથમાં દેવનો ભંડાર વેરાઇ જશે એવી દલીલ રજુ કરી રીસીવર ઠરાવવાની માગણી કરી જે ઉપરથી નામદાર કોરટ તરફથી રીસીવરની નેમણુંક કેટલાંક વરશથી થઇ છે અને આજે મંદીરના ભંડાર અને આવક ખરચનો તમામ હીસાબ રીસીવર સાહેબની દેખરેખ નીચે રાખવામાં આવે છે.

રીસીવર ખાતુ.

પહેલા રીસીવર.

રાવસાહેબ હરીલાલ અંબાશંકરે ભંડારનો ચારજ લીધો.

બીજા રીસીવર.

રાવસાહેબ લલુભાઇ કશનદાસ.

ત્રીજા ટ્રીસાવર.

રાવસાહેબ હરદેરામ અનુપરામ મુનશી પેનશન્ડ સબ જજ.

મંદીરની તમામ આવક અને ખરચ ટ્રીસીવર સાહેબની દેખરેખ નીચે જમા અને ખરચ થાય છે. તથા મંદીરના ખજાનો અને મીલકત ઉપર સર્વ પ્રકારની દેખરેખ ટ્રીસીવર સાહેબ રાખે છે.

ભંડારીબાવા.

સુખદેવદાસજી, શ્યામદાસજી.

જાત્રાળુને સેવા માટે સમાધાન (ઉપદેશ) કરવો, તેમની પાસેથી ભેટ અને સેવા લેવી, તેમને ઉપરાણાઓ ઓરાડવા તથા પ્રસાદ આપવો અને ઠાકોરના વસ્ત્ર તથા આભુષણ અને તમામ ભંડાર સાચવવો એ કામ ભંડારી બાવા કરેછે.

મદદગાર ભંડારી.

બાવા સીતારામજી જાનકીદાસ.

રોજ ઠાકોરને ધરાવવાને રોજ વસ્ત્ર અને આભુષણ સેવકને ગણી આપવાં તથા તેમની પાસેથી ગણીલેવાં અને દફતરે નોંધાવવાં તથા ભંડારી બાવાને તેમના કામમાં મદદ કરવી એ તેમનું કામ છે.

સેવકો.

શ્રીરણછોડરાયની પોતાના વારા પ્રમાણે સેવા કરવી, તેમ

માટે રાજભોગ કરવો અને ધરાવવો તથા દેવ મંદીરની સર્વ પ્રકારની વ્યવસ્થા રાખવી એ સેવકોનું હમેશનું કામ છે.

ખેડાવાળ.

શ્રીરણછોડરાયની સેવા કરવી.

શ્રીગોડ.

ઠાકોર માટે રાજભોગ તૈયાર કરવો અને સેવા આરતી કરવી.

તપોદન.

મંગળા વખતે મંદીર ઉઘાડવાં અને સખડી ભોગ પછી તાળાં બંધ કરી કુંચી પોતાપાસે રાખવી. અને દેવ માટે સમાધાન એટલે સેવાનો બોધ કરવો અને બંદોબસ્ત વગેરેનું કામ કરવું.

એમ કહેવાય છે કે જ્યારે આ દેવ મંદીરના નીભાવ માટે કાંઈ સાધન નહોતું તે વખતમાં તપોદન મંડળીઓ (ભજન મંડળી) કાહાડી ગામગામ ફરતા અને દેવ માટે સેવા ઉઘરાવી લાવતા.

ભાગ.

મંદીરનો પ્રસાદ અને બીજી જે કાંઈ પેદાસ સેવકો વેહેંચી લે તેના નીચે પ્રમાણે ભાગ પાડવામાં આવે છે.

અરધભાગ—તપોદન.

બીજો અરધ—ખેડાવાળ તથા શ્રીગોડ.

આ પ્રમાણે લાંબી મુદતથી મંદીરના પ્રસાદ અને બીજી

બાબતોનો ભાગ લાગ થાય છે. અને એ બધા લોકનું એકત્ર મંડળ તે સેવકમંડળ કહેવાય છે.

સેવા નિયમ.

જ્યારે ભગત બોડાણાએ શ્રીરણછોડરાયને ડાકોરમાં પધરાવ્યા અને સાધવી ગંગાબાઈએ સેવા કરી તથા તેમનો દેહ પડ્યા પછી ખેડાવાળ અને તપોદને દેવની સેવા કરી તે વખતે જેમ વેરાગીના મંદીરોમાં મનસ્વી સેવા થાય છે તેમ થતી હશે. પણ જ્યારે લક્ષ્મીજીવાળું મંદીર ખંભાતવાળાએ બંધાવ્યું ત્યારે અનુમાન થાય છે કે શાસ્ત્ર પ્રમાણે દેવની પ્રતિષ્ટા કરવામાં આવી હશે અને તે સમે કાંઈ ગુસાંઈના બાળકનું સ્વરૂપ પધાર્યું હશે તેમણે સેવકોને સેવાના વ્યવસ્થિત નિયમ બનાવ્યા હશે. સેવાનું કામ ખેડાવાળને સોંપી બાહારનું કામ કરવાને તપોદનને ભલામણ કરી હશે, જેથી તે પ્રમાણે અમલ થયો અને હજીસુધી તે માર્ગ ચાલે છે.

ખેડાવાળ વૈષ્ણવી સંપ્રદાયમાં શુદ્ધ ગણાય છે તેથી તેમના લોકો ઘણાખરા માહારાજોના મંદીરમાં નોકર રહેલા છે. વળી એમ પણ કહેવાય છે કે ખેડાવાળ મુળ તીલંગ દેશમાંથી ગુજરાતમાં આવેલા. અને વખતે તેઓ પરસ્પર આજે પણ વઢતા, સમે તીલંગાની ઉપમા આપે છે, તો એ વાત અવશ્ય સિદ્ધ હોવી જોઈએ. તેમ વૈષ્ણવી સંપ્રદાયના મુળ પુરૂષ તીલંગા બ્રાહ્મણ આજે પણ ગુસાઈના બાળક તીલંગાની કન્યા લાવે છે. અને

મદ્રાસભણી વસતા ખેડાવાળ બ્રાહ્મણ સાથે તીલંગા બ્રાહ્મણો ખાધાપીધાનો વેહેવાર રાખે છે. આ ઉપરથી ખેડાવાળને ગુસાંઇના બાળકો પોતાને ત્યાં સેવાના કામ માટે શુધ્ધ માની રાખેછે એમ અનુમાન થાય.

શ્રીલક્ષ્મીજીવાળા મંદીરમાં ઠાકોરને પધરાવ્યા પછી અને ગુસાંઇના બાળકની આગ્ના પ્રમાણે સેવાનું કામ ખેડાવાળ કર વા લાગ્યા. પછી શ્રીગોડ સેવામાં ભળતાં રસોઇ તેમને હાથ ગઇ એટલે આજે શ્રીરણછોડરાયની સેવા ખેડાવાળ, રાજભોગ સામગ્રી અને સેવા આરતી શ્રીગોડ અને દેવ દરબારની કુંચી સાસ્વવાનું તથા બીજું કામ તપોદન પોતાના ભાગની વારી પ્રમાણે કરેછે.

રોજનાં દરશન.

૧ મંગળા, ૨ શણગાર, ૩ ગોવાલ, ૪ રાજભોગ, ૫ ઉથાપન, ૬ સેન, ૭ સખડીભોગ.

ભોગ ધરવાનો નેક.

મંગળા ભોગ—શેર ૧૫ ના દળના લાડુ નંગ ૭ અથાણા સાથે.

શણગાર ભોગ—દુધ, પુરી, શીરો, શાક, અથાણા આશરે રૂ૭)

ગોવાળ ભોગ—દસશેરની પુરી અને શીરો તથા શાક રૂ૩ાા.

રાજભોગ—સખડી તથા અનસખડી રૂ૧૫)

ઉથાપન ભોગ—દળના લાડુ અને અથાણું

શેન ભોગ—દુધ, પુરી, શીરો, શાક અને અથાણું રૂ૭)

સખડીભોગ—સખડી તથા અનસખડી ૩૨૦.)

અધીક નેક.

વઇશાખમાસમાં રાજભોગને સમે ચંદનના વાગા ધરાવવામાં આવેછે અને સેનભોગ પછી દુધભાત ધરાવવામાં આવે છે.

હીંદોળા.

અશાડ વદ બીજથી શ્રાવણ વદ ૧ સુધી ઉથાપનનાં દરશન થયા પછી શ્રીગોપાળલાલજી હીંદોળે ઝુલેછે.

પારણું.

શ્રાવણ વદ ૮ જન્માષ્ટમીથી સાત આઠ દીવસ શ્રીગોપાળલાલજી શણગાર પછી પારણે ઝુલે છે.

વરઘોડો.

દર શુકરવાર તથા અગીઆરશે શ્રીગોપાળલાલજી વરઘોડો કહાડી શ્રીલક્ષ્મીજીને મંદીરે પધારેછે.

સવારી.

રથજાત્રા—એ દીવસે શ્રીગોપાળલાલજીની સ્વારી ધામધુમ સાંથે નીકળી ગોમતી પ્રદક્ષણા કરેછે.

ઠાઠમાઠ.

અનેક ભગતજનોની મંડળી.

અંગરેજી વાજાં એટલે બ્રાસબેંડવાળી મંડળી.

વાંસળી (ફ્લીસલબેંડવાળી) મંડળી.

શરણાઇ અને ડફવાળી મંડળી.

તાંસાં અને ઢોલવાળી મંડળી.

ઝાંઝરી અને નીશાન સાથે ડફવાળી મંડળી.

કાનસરઠીના ડફ અને ઝાંઝરીવાળી મંડળી.

ભાલા બરદાર નીશાન અને તાપચી મંડળી.

હવાલદાર, ભોઈ, મશાલચી, પાણી પાનાર, ઘોડેસવાર, ચોબદાર, કોચમેન, હાથી સંભાળનાર, ભાલા અને બીજાં હથીઆરવાળા રક્ષકો, વગેરે અનેક શોભા ભરેલી અને જોવાલાયક મંડળીઓ સવારીમાં હમેશ હાજર થાયછે.

પાનપટ્ટી અને સાધારણ ખોરાકીની દુકાનો વાહન ઉપર સવારી સાથે નીકળેછે.

ઘણું ભાગે મંડળીઓની શોભા વડોદરા, નડીઆદ અને અમદાવાદ તથા ઉમરેઠના ભગતોથી વધારવામાં આવેછે.

અનેક ભજન મંડળી પણ સવારીમાં સામેલ થાય છે.

દસ ગાઉ ફરતાના ઘણા લોકો આ સવારી જોવા આવે છે અને સવારીની શોભા તથા મજા રળીઆમણી જોવાલાયક થાયછે. સવારીમાં શ્રીગોપાળલાલજી ગૌશાળા, લાલદાસ બાવાની જગા, આરસપહાણના હનમાન, રાધાકુંડ, લાલદાસનો બંગલો ભાખાં, મોતીમહુડો, સમાધી, ચોખટાનો વડ માખણીઓ આરો, લક્ષ્મીજી અને સતભામાને મંદીરે વિશ્રાંતી લઈ ભોગ ધરે છે અને જે કોઈ વૈષ્ણવ ઓછામાં ઓછા પાંચ રૂપીઆ ભેટ ધરે ત્યાં ઉતરી ભોગ ધરેછે.

દસરાની સવારી—પણ એવીજ રીત ધામધુમથી નીકળે

છે, અને લોકોની ભીડ સારી થાયછે. દસરા ઉપર આવનાર માણેકઠારી પુનમ સુધી રહેછે. એટલે અગીઆરશ તથા વચગાળે આવતા શુક્રવારના વરઘોડાની શોભા અલોકીય થાયછે તેમ દે શાવરના લોકો એ સવારી જોવા આવેછે.

આમળી અગીઆરશ—એટલે ફાગણ સુદ ૧૧ ને દીવસે રંગની સવારી નીકળેછે. ઠાકોરજીની સવારી સાથે લોકો રંગ ખેલતા અને ધામધુમ કરતા શ્રીઠાકોરજી લાલબાગમાં પધારેછે ત્યાં થોડીવાર બીરાજી શ્રીલક્ષ્મીજીને મંદીર પધારેછે અને પા છા પોતાને મંદીર પધારેછે એ સવારી પણ જોવાલાયક હોયછે. એકાદશીએ આવેલા જાત્રાળુ ડોળનો ઉત્સવ કરી વીદાય થાયછે.

પુનમના મેળા.

દર પુનમે નીમધારી તથા જાત્રાળુનો મોટો સંઘ ભરાય છે અને વેપારીઓના માલનો ઉઠાવ સારો થાયછે. પણ કાર તકી, ફાગણની, ચૈત્રી અને માણેકઠારી પુનમ ઉપર સંઘ વધારે મોટો ભરાયછે.

લાલબાગ તથા બેઠક.

શ્રીઠાકોરજીને બીરાજવા માટે ગોશાળામાં એક બેઠક છે તથા ગોશાળાની પાસેજ લાલબાગ છે તેમાં એક બેઠકછે જ્યાં રોજ દરશન થાયછે તથા ડાકોરથી અરધા માઇલના શુમાર ઉ પર એક બેઠક છે જ્યાં ઠાકોરજી દસરાની સ્વારીને દીવશે વીશ્રાં

તી ઘ છે અને તે જગોએ પુજન કરી રક્ષા છોડેછે પછી સા
જે ગામ તરફ પધારેછે જે વખતે દરવાજાથી તે શ્રીલક્ષમીજી
ના મંદીર સુધી શ્રીમંત ગાયકવાડ સરકારને ખરચે રોશની કર
વામાં આવેછે.

રજાચીઠી અને સામગ્રી.

જે જાત્રાળુઓને દેવના નીજમંદીરમાં જઈ દરશન કરવા
ની કે સેવા કરવાની ઇચ્છા હોય તેમને નીચે પ્રમાણે દર લેઈ
રજા આપવામાં આવેછે.

નીજમંદીરમાં જઈ દરશન કરવાં	૦—૧—૩
શ્રીરણછોડરાયના ચરણ સ્પરશ કરવા...	૦—૪—૦
ગંગાજળ ચડાવવા માટે	૦—૪—૦
ધોતી ઉપરણાં ચડાવવા માટે	૦—૪—૦
કેશર સ્નાન કરાવવા માટે	૦—૮—૦
પાંચે વસ્ત્ર ધરાવવા માટે	૧—૦—૦
મહાપુજા કરવા માટે	૧—૮—૦

ઉપર પ્રમાણે દર લેઇ તમામ સામન મંદીરમાંથી આપી
પુજા કરવા દેવાનો રીવાજ રાખેલો છે. જે ગ્રહસ્થ પોતાનો
સરંજામ લાવે તેમની ઇચ્છા પ્રમાણે થાયછે. પણ પાસના પઈ
સા આપવા પડેછે.

શ્રીરણછોડરાયને અરપણ.

" જે ધાર્મિક અને શ્રદ્ધાવાન ગ્રહસ્થોને રોકડનાણું, વસ્ત્ર, અલંકાર અને બીજી જે કાંઇ ભેટ સેવા કરવી હોય તે ભંડાર આગળ ભંડારીબાવા બેસેછે તેમને આપવી. એ ભેટ રીસીવરના ખાતાને સ્વાધીન કરવામાં આવશે અને દરેક બાબત માટે પહોચ આપવાનો રીવાજ છે. પાસ પણ ભંડારીબાવા પાસે રીસીવરના કારકુન બેસેછે તેઓ આપેછે. ભંડારીબાવાની મારફત રીસીવર સાહેબ પાસે જે ભેટ જાયછે તેજ મંદીરના ભંડારમાં પહોચી શ્રીઠાકોરજીના ઉપયોગમાં આવેછે. બીજા બ્રાહ્મણોના હાથમાં જે શ્રીઠાકોરજીને માટે આપશો તે તેઓ એઠીએ ચડાવશે અને શેવામાં પહોચનાર નથી.

ગાગર ભેટ.

મોટા ઘુંમટમાં જાળીની અંદર કઠેરા આગળ જે ગાગર ભેટ લેવા માણસ લેઇ ઉભો રહેછે તેમાં તથા નીજમંદીરમાં જે ચાંદીની ગાગર રાખવામાં આવેછે તેમાં જે ભેટ નાખવમાં આવેછે તે રીસીવરના ખાતામાં જમાં થઇ શ્રીઠાકોરજીના ઉપયોગમાં આવેછે. કોઇપણ ઠેકાણે બ્રાહ્મણના હાથમાં આપેલું નાણું શ્રીઠાકોરજીને પહોચતું નથી પણ તેઓ ખાઇ જાયછે.

સખડીભોગ મનોરથ.

જેમને શ્રીરણછોડરાયને અધીક નેક દાખલ સખડીભોગ કરાવવાની ઇચ્છા હોય તેમણે ભંડારીબાવાને મળો આશરે રૂ૨૦) ખરચ થાયછે તે રકમ આપી નોંધ કરાવવી.

રાજભોગ મનોરથ.

જેમની ઇચ્છા રીતીસર રાજભોગ કરાવી દેવને ધરાવવા ની હોય તેમણે મંદીરની પાસે કોઠ એટલે સ્વસ્થાનના વહીવટ દારની કચેરી છે ત્યાં જઇ નોંધ કરાવવી જે માટે આશરે ૩૧૫) ખરચ થાયછે.

તુળાસ્થંભ.

ડંકનાથના આરા ઉપર જ્યાં શ્રીરણછોડરાય તોળાયા હતા ત્યાં એક તુળાસ્થંભ છે જે થોડીક મુદત ઉપર નાંદોદના રાજા શ્રીગંભીરસિંગજીએ ચાંદીથી મઢાવી તે ઉપર લેખ કોતરાવ્યોછે એ તુળાસ્થંભ આગળ જે બાળકોની માનતા હોય તેમની તુલા થાયછે.

ગોમતી ધજા.

ગોમતીમાં જ્યાં શ્રીરણછોડરાયને સંતાડવામાં આવ્યા હતા તે જગોએ દરવરસે ધજા ચડાવવામાં આવેછે. ડંકનાથને આરે રોજ બ્રાહ્મણો ગોમતીપુજન અને વાજતેગાજતે આરતી કરેછે.

તુળસી મહીમા.

શ્રાવણ માસમાં ઘણાક પરગામી બ્રાહ્મણો પોતાના યજમાન તરફથી કે પોતા તરફથી તુળશી ચડાવવા આવેછે. જેમ શ્રાવણમાસમાં લોકો મહાદેવની પુજા કરાવેછે તેમ શ્રી રણછોડરાયને તુળશી ચડાવેછે. તુળશી ચડાવવા આવેલા પરગામી બ્રાહ્મણોને મંદીર તરફથી એક માસ માટે મફત પાસ આપેછે એટલે

તે બ્રાહ્મણો મંગળા પહેલાં મંદીરમાં આવી પાઠ કરેછે અને શણગાર વખતે દેવને તુળશી ચડાવે છે. છેલે દીવસે તુળશી ચડાવવા આવેલા બ્રાહ્મણોને મફત ચરણસ્પર્શ કરવા દેવામાં આવેછે. તુળશી ચડાવવા પરગામી આશરે ૬૦૦ બ્રાહ્મણો અને બીજા ગામના સેવકો અને ગૌર મળી આશરે ૧૦૦૦ માણસો દેવને રોજ તુળસી ચડાવેછે.

ડભોઇ, પાદરા, બોરસદ, ખંભાત અને બીજા ગામોથી ઘણા બ્રાહ્મણો શ્રાવણ માસમાં તુળસી ચડાવવા આવે છે.

ભંડારા.

શ્રાવણમાસમાં આવેલા પરગામી તુળશી ચડાવનાર બ્રાહ્મણોને ધાર્મીક લોકો ભંડારા કરી જમાડેછે.

૧. બોરસદના વીશાલાડ પરીખ ભકતીદાસ શામદાસ સંવત ૧૮૩૦ ની સાલથી ભંડારો કરેછે.

૨. બોરસદના પોરવાડ શા શામળ નથુભાઈ તથા વીશાલાડ શા કાળીદાસ પીતાંબરદાસ સંવત ૧૯૦૨ ની સાલથી ભેગો ભંડારો કરેછે.

૩. ડભોઇના દશાલાડ શા. ગીરધરલાલ નરોતમનો ભંડારો તેમના ભાણેજ શા. ત્રિભોવનદાસ કાળીદાસ મારફત સંવત ૧૯૧૫ ની સાલથી થાયછે.

૪. ડભોઇના વૈદ્ય તાપીશંકર ગણપતરામ અગીયારશને દીવસે સંવત ૧૯૩૪ ની સાલથી ફરાળ કરાવેછે.

૫. ભટજી મહારાજની બેઠકે ભંડારો થાયછે.

નાહાના ભંડારા.

૧ ડભોઇના દશાલાડ શા. દલસુખભાઇ બાપુભાઇ સંવત ૧૯૩૪ ની સાલથી.

૨ ડભોઇના દશાલાડ શા. નરોતમ નાથાભાઇ સંવત ૧૯૩૪ ની સાલથી.

૩ ડભોઇના દશાલાડ શા. હરીલાલ નારણદાસ સંવત ૧૯૩૦ ની સાલથી.

૪ ડભોઇના દશાલાડ શા. નરોતમ મોતીભાઇ સંવત ૧૯૩૧.

૫ ડભોઇના દશાલાડ શા હરગોવન મુળજી સંવત ૧૯૪૬.

૬ ડભોઇના ઝારોલા શા. બાપુભાઇ હરીલાલ સંવત ૧૯૪૭.

૭ વીશાલાડ શા. માણેકલાલ બાપુ સંવત ૧૯૪૬.

આ ભંડારા ઉપરાંત શ્રાવણમાસમાં ઘણા લોકો બ્રાહ્મણો જમાડેછે તેથી તુળશી ચડાવવા આવેલા બ્રાહ્મણોને આખો શ્રાવણમાસ જમવાનું મળેછે, અને કવચીતજ ઉતારે રાંધી ખાવાની જરૂર પડતી હશે.

જાત્રાળુ.

દરેક જાત્રાળુ જે મુંબાઈ અને અમદાવાદ તરફથી આવતા રેલવેમાં આવેછે તેમને આણંદના સ્ટેશન ઉપર થોડીકવાર ગાડી થવું પડેછે. ગોરમાંથી કેટલાકો રેલવેની પાસ રાખે છે.

જેઓ ધ્રાણુંકથી અમદાવાદ અને વડોદરા સુધી આવતા યજમા નોની તપાસ કરવા તથા નવા યજમાનો મેળવવા હાજર હોય છે અને જાત્રાળુ માટે ગોર છે કે નહી તેની પુછપરછ કરેછે. કેટલીકવાર નઠારા માણસો જાત્રાળુ જો પોતાના ગોરનું નામ દે છે અને તેને ઘરની ખબર પુછેછે તો તે માટે ખરી માહીતી નહી આપતાં તેમને આડીઅવળી હકીકત કહી ઉડાવેછે. માટે જેમને પોતાના ગોરનું નામ ઠામ ખબર હોય તેમણે અવશ્ય ગામમાં જઈ પોતાના ખરા ગોરની તલાસ કરવી જોઇએ કા રણ વડીલોએ જે નામ લખી આપ્યાં હોય તેને માન આપવું એ ધાર્મીક અને નીતીવાનનું અવશ્ય કામ છે.

ગોર.

૧ એડાવાળ. ૨ શ્રીગોડ. ૩ તપોદન. ૪ તરવાડી. ૫ મેવાડા. ૬ રાહદેશી મેવાડા. ૭ ભટમેવાડા. ૮ મોઢ. ૯ વડાદરા. ૧૦ વીસનગરા. ૧૧ નાંદોરા. ૧૨ દેશાવાળ. ૧૩ ખારોળા. ૧૪ રાયકવાળ. ૧૫ દક્ષણી બ્રાહ્મણો મળી જે ન્યાતો ડાકોરના અ સલી રહીશ અથવા આવી વસેલા છે તે ગોરપદુ કરેછે અને જાત્રાળુને પોતાને ઘેર ઉતારી તેમની બરદાસ્ત કરે છે અને જા ત્રાળુ તેમને દાન દક્ષણા આપી સંતુષ્ટ કરેછે.

દરશનવિધી.

જાત્રાળુએ પોતાના ગોર સાથે મુકામ ઉપર ગયા પછી

પ્રથમ દરશન કરવા જતાં પેહેલાં ગોમતીમાં સ્નાન કરી સુધ્ધ થઇ દરશને જવું. ત્યાર પછી જે પોતાની ઇચ્છા અને નિમ હોય તે પ્રમાણે ક્રિયાઃ કરવી. ઘણા લોકો નીચે પ્રમાણે પોતાની ઇચ્છા માફક અને ગોર પોતાની તદબીર પ્રમાણે યજમાનો પાસે ક્રિયા કરાવે છે.

૧ દેહસુધ્ધિ. ૨ વિધિસ્નાન. ૩ શ્રાધ. ૪ મુંડણ. ૫ ગઉદાન. ૬ તોલામેટ અને ૬ રાધાકુંડ ઉપર સ્નાન વગેરે કરાવી કેટલીક ક્રિયા કરાવે છે.

ઘાટ મહીમા.

ડંકનાથનો આરો—એ જગાએ ઘણુંકરી બાધાવાળ બાળકોનું મુંડણ કરાવે છે, જેને તીર્થ શ્રાધ કરવું હોય તે ક્ષૌર કરાવે છે.

ઇશ્વરનો આરો—જેમને એક વસ્ત્રથી નહાવું હોય, ગૌપ્રદાન કરવું હોય તે ઘણુંકરી ઉપલા એ આરા ઉપર કરેછે.

ગઉઘાટ—દરવાજા આગળ ખડીયાટના આરાને ગઉઘાટ કહેછે. ગાયો પાંણી પીતી માટે તે પવીત્ર મનાયો અને ત્યાં પંણ લોકો નાહે છે.

બીજાં દેવસ્થાન.

લક્ષમીનારાયણનું મંદીર.

સ્વરગવાસી રા. રા. મનોહર ગણેશ ડાકોર સ્વરથાનનાં

વડીવટદારે પોતાના ખરચે બંધાવેલું રાજસેવા પ્રમાણે છ ભોગ ના દરશન થાય છે.

ડંકનાથ.

આ પ્રખ્યાત મોટું શિવાલય ડંક રૂશીએ માહાદેવને પ્રસન્ન કરવાથી સ્વેચ્છાએ ત્યાં સ્થાપીત થયા છે. આગલા વખતમાં એ માહાદેવને નીમીતે દર માસે ડાકોરમાં મોટી જાત્રા ભરાતી અને હાલ પણ મહીમા સારો ચાલતો દેખાય છે. જાત્રાળુ અવશ્ય એ માહાદેવનાં દરશન કરેછે.

લક્ષમીજીનું મંદીર.

અસલ શ્રીરણછોડજી ત્યાં બીરાજતા હતા. હાલ લક્ષ્મી જી બીરાજે છે.

શુકરવાર, અગીઆરસ અને દરેક સવારીએ શ્રીગોપાળ લાલજી ત્યાં વરઘોડો કાહાડી પધારે છે.

જેટલો વખત શ્રીરણછોડરાયના દરશન થાય છે તેટલો વખત લક્ષમીજીનાં દરશન થાય છે.

ભોગ સામગ્રી ત્યાં જુદી તૈયાર થાય છે અને સેવા કરનારને વરતાવી દેવામાં આવે છે.

તમામ આવક શ્રીરણછોડરાયના ભંડાર ખાતે જમા થાયછે.

દવારકાનાથજીનું મંદીર.

પરવડી પાસે.

અમદાદી અને બીજા વેશ્ણવે બંધાવેલું પુશ્ટી મારગ પ્રમાણે રાજસેવા થાય છે.

રામજીમંદીર

બજારમાં આવેલું છે;

કોઈ મુંબાઈવાસીએ બંધાવેલું છે.

નીમ પ્રમાણે દરશન થાય છે.

ત્રીકમરાયનું મંદીર.

વેરાગીનું આ મોટું મંદીર છે.

વેરાગી રાજસેવા પ્રમાણે સેવા કરેછે.

મહીમા ઘણો સારો છે.

લોકો દરશને વધારે આવે છે અને ધામધુમ ઘણી શોભાયમાન થાય છે.

બીજાં દેવસ્થાન.

૧ લક્ષ્મીનારાયણ.	૧૦ રાધકાજી.	૧૯ શ્રીજી મંદીર.
૨ રાધાકૃષ્ણ.	૧૧ કોટનું મંદીર.	૨૦ નીરમાઈવાળુ.
૩ વીશકરમા.	૧૨ નટવરલાલજી	૨૧ સમરપણીનું.
૪ રામચંદ્રજી	૧૩ વીઠલનાથજી.	૨૨ આચાર્યજી.

૫ હરમાન.	૧૪ વેરાઈમાતા.	૨૩ સમાધી.
૬ મરજાદીમંદીર.	૧૫ ગણપતી.	૨૪ ખાખીનું મંદીર
૭ ખોડાણાનું.	૧૬ કલેશરી.	૨૫ કેવળેશર.
૮ મરજાદી મંદીર.	૧૭ નવા હરમાન.	૨૬ પંચમુખી.
૯ સતભામા.	૧૮ મોટા હરમાન.	૨૭ એકલંગી.

મંદીર અને જગા.

૧ સેસાઈ	૧૦ ત્રીકમદાસ	૧૯ ગુંદીવાળા
૨ મોતીબાવા	૧૧ શ્રીઆરામજી	૨૦ પુજારીબાવા
૩ ધરણીધર	૧૨ હરીદાસ	૨૧ મરણદાસ
૪ દામોદર	૧૩ નીરમાઈ	૨૨ હરીદાસ
૫ ભીસમદાસ	૧૪ જાનકીદાસ	૨૩ કાનજી
૬ સાલીગરામ	૧૫ લંગડાબાવા	૨૪ ગેનાબાઈવાળી
૭ અભેરામ	૧૬ કીશોરદાસ	૨૫ ભજનીવાળા
૮ ભગતરામ	૧૭ સંધેસરીયા	
૯ રાધકાદાસ	૧૮ ગોપાળદાસ	

આ તમામ જગા વેરાગીઓએ પોતાના કબજામાં લઈ ત્યાં મકાન બંધાવી નાહાના મોટા દેવ પધરાવી સેવા કરી જાત્રાળુ પાસે સેવા ઉઘરાવી ખરચ નભાવે છે અને પોતાના પંથના સાધુસંતને આશ્રય આપે છે તથા જાત્રાળુ લોકોને પોતાની જગામાં ઉતારી તેમની પાસે ભેટ કહડાવે છે કે પછી ભાડા દાખલ કાંઈ રકમ લઈ પોતાનો વહીવટ

આવે છે.

ઉદાર ગ્રહસ્થોની જગા અને ધરમશાળાં.

૧ મેવાડા બ્રાહ્મણુની અંબાવાડી.
૨ કસ્યાભાઈ રામદાસની હવેલી.
૩ ફતેસીંગ માહારાજની હવેલી.
૪ સન્યાસી માટે ઉતારાનો મઠ.
૫ શંકરશણ આચાર્યની જગા.
૬ તારાચંદ નરભેરામની ધરમશાળા.
૭ દશા ખડાયતાની ધરમશાળા.
૮ દરજી લોકોની ધરમશાળા.
૯ ગોલા લોકોની ધરમશળા.
૧૦ શામળ બેહેચરની જગા.
૧૧ દેવરામ વીઠલજીની ધરમશળા.
૧૨ હરી ભગતીવાળી હવેલી.
૧૩ રતનજી કાહાનદાસવાળી હવેલી.
૧૪ શ્રીજી માહારાજની જગા.

ઉપલી જગા તેમના માલેક તરફથી વહીવટ કરવા માટે ડાકોરના કેટલાક રહીશોના તાબામાંછે, જે જાત્રાળુને ભાડે લઈ કે શીફારસથી ઉતારો આપે છે. ખાશ નાતની ધરમશળા નાત વાળાનાજ કામમાં આવે છે તેમ બીજાને વાપરવા આપવામ

આવે છે અને કેટલીક જમણની વાડી દાખલ વાપરવામાં આવે છે. ડાકોરમાં ગમે તે ઉંચવરણના હીંદુને ઉતરવા માટે એકે જાહેર ધરમશળા જોવામાં આવતી નથી અને તેવી ધરમશળા કોઇ ઉદાર ગ્રહસ્થ તરફથી બંધાવાની ખાશ જરૂર છે.

શ્રી રણછોડરાયની ગોશાળા.

ગામના દરવાજા પાસે એક વીશાળ ગોશાળા છે જેમાં ૪૦૦ થી ૫૦૦ ગાયોની શેવા કરવામાં આવેછે જે લોકની ઇચ્છા શ્રી ઠાકોરને ગાય ભેટ કરવાની હોય છે તે સ્વીકારવામાં આવે છે અને ગાય માટે દાણા તથા ઘાસ આપવામાં આવે છે તે પણ લેવામાં આવે છે. દુધાળી ગાયોનું દુધ શ્રી ઠાકોરજીને ધરાવવામાં તથા સામગરી તૈયાર કરવાના ઉપયોગમાં આવે છે.

વાડો.

વગર દુધાળી, બીમાર અને વધારાની ગાયો અને બીજા ઢોર માટે ગામથી થોડે દુર એક વિશાળ વાડો રાખવામાં આવ્યો છે જ્યાં તેવાં ઢોરની સારી બરદાસ્ત થાય છે અને તેમને વિશ્રાંતી મળે છે.

પાયગા અને હાથીખાનું.

રંગમેહેલ નામની ઠાકોરની જગા જેમાં હાલ પોસ્ટ હાફી

સ છે તેની પાસે એક વીશાળ તબેલા જેવી મોટી જગા છે. જેમાં હાથી, ઘોડા, બળદ અને બળદની તથા ઘોડાની ગાડીઓ રાખવામાં આવે છે. એક હાથી, ચઉદ ઘોડા, દશ બળદ અને દશ બળદની તથા ઘોડાની ગાડીઓ છે. તેની સંભાળ માટે મહાવત, ઘોડાવાળા તથા બળદના ચોધરી અને બીજા નોકરોની જોઇતી સંખ્યા કાયમ પગારદાર રાખવામાં આવે છે.

લાલબાગ.

દરવાજા પાસે આવેલી ગોશાળાની પાસેજ એક સુંદર બાગ છે જે લાલબાગ કહેવાય છે. એમાં ફુલ ફળાદી મેવાનાં સારાં ઝાડ અને શાકભાજી વગેરેની વનસ્પતી ઉછેરી રમણીય બનાવવામાં આવ્યાં છે. વળી ઠાકોરજીની ત્યાં બેઠક છે અને વરસમાં કેટલેક પ્રસંગે સારી રચના થાય છે તેથી એ બાગ જોવા અને વિશ્રાંતી લેવા લાયક છે. વળી બીજા બગીચા છે જેનાં ફુલ વગેરે ઠાકોરને ધરાવવા ઉપયોગી થાય છે.

ઉમરેઠનો બાગ.

ઉમરેઠના વૈષ્ણવ તરફથી આ વિશાળ બાગ શ્રી રણછોડરાયને અરપણ કરવામાં આવ્યો છે તેમાં નાના પ્રકારના ફળ ફુલ નીપજે છે જે રોજ શ્રી ઠાકોરના ઉપયોગમાં આવેછે. એ બાગમાં શ્રી રણછોડરાયની બેઠક છે તથા પાદુકા (પગલાં)

પધરાવ્યાં છે એનો મહીમા મોટો છે. ગામ લોક રોજ દરશનના નીમધારી હોય છે. અને ત્યાંની શોભાખણ જોવા લાયક છે તથા બાગની વ્યવસ્થા ઘણી સારી છે.

શ્રીડાકોર સ્વસ્થાન.

રા૦ રા૦ ગોપાળ નાયકઆંબ્રેકર, પેશવા સરકારના નાણાવટી અને મંદીર બંધાવનાર. એમણે ડાકોર અને કંઝરી ઈનામમાં મેળવ્યાં.

મજકુર એ ગામની પેદાશમાંથી કેટલાક મંદરનો, ગામનો સાધારણ ખરચ અને વહીવટદાર વંશજોનો ખરચ નીભાવવામાં આવે છે.

થઈ ગયલા વહીવટદાર.

૧ રા. રા. મનોહર ગોપાળ.

૨ રા. રા. ગણેશ ઉરફે ગણપતરાવ મનોહર.

૩ રા. રા. મનોહર ગણેશ.

હાલના વહીવટદાર.

રા. રા. ગોપાળરાવ મનોહર.

સ્વરગવાસી રા. રા. મનોહર ગણેશના દત્તક, એમની તરફથી હાલ તેગના જનક પીતા રા. રા. કૃષ્ણરાવ ગોપાળ ઉરફે

બાલા સાહેબ સગીર તરફથી સરવે વહીવટ કરે છે.

પોલીસ પટેલ.

પટલ માધવભાઈ તળસીભાઈ

પોલીસથાણું.

ડાકોર ગામની સંભાળ માટે આશરે એક જમાદાર, એક નાયક અને બીજા છ કાન્સ્ટેબલ યાને સીપાઈઓ મળી એકંદર આઠ માણસની પારટીનું થાણું છે. જેમને રહેવા માટે સ્ટેશન ના રસ્તા તરફ એક સરકારી ગેટ યાને મકાન બાંધવામાં આવ્યુંછે.

સ્વસ્થાનના જાહેર ખાતાં.

અંગ્રેજી તથા ગુજરાતી નિશાળ.

હેડમાસ્તર ઉમેદભાઈ શંકરભાઈ.

આશરે ૩૫ છોકરા અભ્યાસ કરેછે.

કન્યાશાળા.

શિક્ષક મુગશંકર મંછારામ પાઠક.

આશરે ૬૦ છોકરી અભ્યાસ કરે છે.

સંસ્કૃત પાઠશાળા.

શિક્ષા ગુરૂ બાપુભાઈ વિદ્યારામ શાસ્ત્રી

આશરે ૨૦ વિદ્યાર્થી અભ્યાસ કરેછે.

સરકારી ગુજરાતી નિશાળ.

મ્યુનિસિપાલીટી અને સરકારને ખરચે નભે છે.
વડા શિક્ષક જેઠાભાઈ આશારામ, આઠ મદદગાર શિક્ષક.
આશરે ૩૬૫ છોકરા અભ્યાસ કરે છે.
દવાખાના સામે ખાસ મકાન બંધાયું છે.
બીજી જગા ભાડે રાખવામાં આવી છે.

ડાકોર ડીસ્પેનસરી.

મ્યુનિસિપાલીટીની મદદ નીચે છે.

ડાકટર.

આત્મ શંકર હરી આસ્પીટલ આસીસ્ટંટ.

દરદીને રહેવાની અને તેમને પોતાને ખરચે રાંધવા ખાવાની જગા દવાખાનાગમાં ખાસ બાંધવામાં આવી છે. ડાકોર સીવાય બીજા ગામના દરદી પણ દવા કરાવવા આવે છે. દરદી માટે ખાટલા અને બીછાના દવાખાના તરફથી પુરા પાડવામાં આવે છે.

ડાકોર લાયબ્રરી.

રજીષ્ટર થયલી છે.

મ્યુનિસિપાલીટીની હાફીસમાં રાખવામાં આવી છે.
મ્યુનિસિપાલીટીને ખરચે નભે છે.

એ લાયબ્રરીમાં સારો સુધારો કરી જાહેર જગા ઉપર રાખવાની પણ સારી વ્યવસ્થા થવાની ખાસ જરૂર દેખાય છે.

આગળ એ લાયબ્રરીને સ્વસ્થાન તરફની પણ મદદ મળતી હતી પણ હાલ મળતી હોય તેમ જણાતું નથી.

સ્વસ્થાનનાં અન્નછત્ર.

ડાકોર દુઃખી અન્નછત્ર.

એ અન્નછત્રને મદદ દાખલ ડાકોર સ્વસ્થાનને હીસાબે વહીવટદાર તરફથી દર વરશે રૂ૮૩૮ ભોજન ખરચમાં સદાવ્રત ખાતાના હીસાબમાંથી આપવામાં આવે છે.

ઉભુ કરવા પ્રયત્ન કરનાર.

રા. રા. દેશાઇભાઇ કાળીદાસ દેશાઇ, ખેડા જીલ્લાના સરકારી વકીલ.

દુખી અન્નછત્રની ગોઠવણ.

નાવારસ બાળકો પાળવામાં આવે છે.

રોગી અને અશક્ત અનાથોને આરામ થતાં સુધી ઓસડ, લુગડાં, બીછાનાં અને ખોરાક પુરો પાડવામાં આવે છે તથા તેમની બરદાસ્ત કરવામાં આવે છે.

સને ૧૮૯૧ સુધી.

રૂ૧૮૯૮૧ સુધીની રકમ ભેગી થઇ છે.

વહીવટ કરનાર.

રા.રા. દેશાઇભાઇ કાળીદાસ દેશાઇ, ખેડાજીલ્લાના સરકારી વકીલ.
રા. રા. ભીખુભાઇ નંદલાલ કયારીએજ એકઝાંમીનર રેલવે ડીપારટમેંટ.

ડાકોરમાં સંભાળ રાખનાર.

ડાકોર ડીસ્પેનસરીના આસ્પીટલ આસીસ્ટંટ આજમ શંકરરાવ હરી.

રાવસાહેબ હરદેરામ અનુપરામ મુનશી, પેનશન્ડ સબજજ અને હાલના રીસીવર.

રા. રા. નરોતમ મયારામ ભટ.

રા. રા. રણછોડદાસ નાગરદાસ વકીલ.

કારભારી મંડળ.

રાવસાહેબ હરીલાલ અંબાશંકર.

શેઠ. શંભુપ્રસાદ બેહેચરદાસ.

ડાકોર સ્વસ્થાનના વહીવટદાર.

ઉમરેઠના રાવસાહેબ સે. ક. સબજજ.

ઠાસરાના રાવસાહેબ મામલતદાર.

રાવબહાદુર નરસીલાલ રેવાદાસ.

આનરેબલ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ સી. આઇ. ઇ.]
રાવસાહેબ લલ્લુભાઇ કશનદાસ.
રા० રા० વરજરાય સાકરલાલ વકીલ.

ભંડારીબાવા સુખદેવદાસજી શ્યામદાસજી.
રા૦ રા૦ લલ્લુભાઈ જસુભાઈ વકીલ.
રા૦ રા૦ દલસુખરામ હરગોવનદાસ ડાકોર દરબારના કારભારી.
ડાકોર મ્યુનીસીપાલીટીના સેક્રેટરી.

ફંડના વહીવટ કરનાર થતા ડાકોરમાં સંભાળ રાખનાર ગ્રહસ્થો મળી એકંદર ૨૧ ગ્રહસ્થોની કારભારી મંડળી થઈ કારભાર સારી રીતે ચલાવવામાં આવે છે.

દરદી માટે ડાકટર.

આજમ શંકરરાવ હરી આસ્પીટલ આસીસ્ટંટ. દુઃખી અન્નછત્રના દરદીઓને દવા કરે છે. મજકુર અન્નછત્રમાં સને ૧૮૮૫થી સને ૧૮૯૧ સુધી સાત વરસમાં ૩૨૧૯ અનાથ દરદીઓએ આશ્રય લીધો હતો એટલે દર વરસે સરાસરી ૪૫૯થી વધારે અને દર માસે સરાસરી ૩૮થી વધારે અનાથ દરદીઓને ઓસડ, લુગડાં, બિછાનાં અને ખોરાકી તથા રહેવાનો આશ્રય મળ્યો હતો.

ભટજીનું અન્નછત્ર.

ગોમતીને કીનારે બેઠકવાળી જગામાં શ્રી રણછોડરાયને દરરોજ પકવાન વગેરે અનશખડીનો પ્રસાદ ધરાવીને પ્રસાદ અભ્યાગત સાધુઓને વરતાવી દેવામાં આવે છે.

રોજ પચાસ સુધી સાધુ જમે છે.

પુનમ ઉપર હાજર થએલા તમામ સાધુને પ્રસાદ લેવરાવેછે

આ ભટજી મહારાજના અન્નછત્ર ખાતે ઘણા જાત્રાળુ અને દયાળુ લોકો તથા વૈભવો પોતાની ઇચ્છા પ્રમાણે નાણાન તથા ઘી-ખાંડ વગેરે બીજી સામગ્રીની મદદ કરેછે તે સ્વીકાર વામાં આવે છે.

પાઠડીવાળાનું અન્નછત્ર.

એ અન્નછત્ર ગોમતી કીનારે સન્યાસીના મઠવાળી જગામાં કહાડવામાં આવ્યું છે. રોજ અનસખડીનો પ્રસાદ તૈયા કરી શ્રી રણછોડરાયને ધરાવવામાં આવે છે અને આશરે ૩ સાધુઓને તે પ્રસાદ વરતાવી દેવામાં આવે છે.

સન્યાસીનું અન્નછત્ર.

ગોમતી કીનારે સન્યાસીના મઠમાં જેટલા સન્યાસી આ તેટલાને ભીક્ષા કરાવવામાં આવે છે. પણ ડાકોરમાં ઝાઝા સ ન્યાસીની વસ્તી જણાતી નથી.

લાલદાસ બાવાનું અન્નછત્ર.

એ અન્નછત્રમાં તૈયાર થએલા પ્રસાદ ધરાવી રો આશરે ૨૪ સાધુસંતને વરતાવી દેવામાં આવે છે.

ઉમરેઠ ભાગોળ તરફ ગાયકવાડ સરકારનું અન્નછત્ર.

દેખરેખ રાખનાર કમીટી.

સરકારી નિશાળના વડા શિક્ષક મી. જેઠાલાલ આશારામ.

આસ્પીટલ આસીસ્ટંટ આજમ. શંકરરાવ હરી ડાકટર.

શા: મોહનલાલ રણછોડદાસ.

એ અન્નછત્રમાં હરેક માણસને ત્રણથી વધારે દીવસ રાખવામાં આવતો નથી.

દુઃખી દરદીને કમીટીની મંજુરીથી લાંબી મુદત આશ્રમ આપવામાં આવે છે.

કામ કરવા સાત નોકરો રાખવામાં આવ્યા છે.

બે માણસને સીધાં મળે છે.

ગાયકવાડ સરકારની ત્રીજોરીમાંથી દર માસે રૂ. ૨૫૦ એ અન્નછત્ર ખાતે ખર્ચ માટે આવે છે.

સદાવ્રત.

ચણાનું સદાવ્રત.

માજી રીસીવર રાવ સાહેબ લલુભાઈ કશનદાસ તરફથી શેકેલા ચણા દેવને ધરાવી સાધુસંતને વહેંચી આપવામાં આવેછે.

શ્રી ડાકોર સ્વસ્થાનનું સદાવ્રત.

ચલાવનાર રા૦ રા૦ ગોપાળ મનોહરના વાલી.

અતીત અભ્યાગતને રોજ ચોખા, દાળ, લોટ અને લાકડાં સુધી આપવામાં આવે છે.

સ્વરગવાસી શેઠ. મોરારભાઈ વીખજીભુણદાસનું સદાવ્રત.

ચલાવનાર ગુમાસ્તા શા. માણેકલાલ ભગવાનદાસ. દ રરોજ સાંજના અતીત અભ્યાગત સાધુસંત વગેરે જેટલા માણસ આવે તેમની ભરતી કરી બીજે દીવસે સવારે દાળ, ચેખા, લોટ, ઘી, મશાલો અને કાઠી વગેરે આપી ધરમશાળાવાળ જગામાં રંધાવી જમાડી વિદાય કરે છે.

પરગામી બ્રાહ્મણોને દીવસે બપોર સુધી આવી પહોંચે તેમને સીધુ આપી ધરમશાળામાં રંધાવી જમાડી વિદાય કરે છે

ધરમશાળા.

સ્વરગવાશી શેઠ મોરારભાઈ વીજભુખણદાસનું જ્યાં સદાવ્રત અપાય છે ત્યાંની ધરમશાળામાં જાત્રાળુને ઉતરવા માં અલાયધી જગા રાખવામાં આવી છે. પણ માલેકની પરવાનગી એટલે કાગળ લઈ આવનારને ઉતરવા દેવામાં આવે છે.

માહારાજો માટે સવડ.

કોઈ ગુસાંઈના બાળક ડાકોર પધારે તેમને ઉતરવા લાયક સારી સવડ કરી રાખવામાં આવી છે.

સાધુના અખાડા.

દસનામીનો અખાડો.

મહંત પરસોતમપુરી ભવાનીપુરી

એ અખાડામાં દત્તાત્રયનું મંદીર છે. કુવાનું પાણી સ અને લોકો વાપરે છે.

અખાડાની જગા રમણીય છે.

દશનામી સાધુ આવી ઉતરે છે અને જેમની ગામમાં ખાવાની સોઇ થતી નથી તેમને પંગત ભોજન મળે છે.

ત્રીકમજીનો અખાડો.

મહંત કોશલ્યાદાસજી સીયારામદાસજી.

ત્રીકમરાયનું મંદીર અને રાજ સેવા.

ચાર સંપ્રદાયના સાધુને ઉતરવા દે છે અને ભોજન આપવામાં આવે છે.

ઘણા લોકો એ અખાડાને જમાડે છે.

અખાડાનું રસોડું ખાસ જોવા લાયક છે.

મંગળદાસ બાવાનો અખાડો.

મુજીઆ બાવાનો સાધારણ ઉતારો.

મોહનત સરજુદાસજી દામોદરદાસજી.

દેવમંદીર.

ઠાકોર માટે વખાણવાલાયક હીંદોળો.

સંપના અભ્યાગતને ભોજન મળે છે.

ખાખ ચોક.

કાઠીઆબાવાનો અખાડો.

ઠાકોર મંદીર.

અભ્યાગત સાધુને પંગત ભોજન.

કલ્યાણદાસબાવાની જગા.

આશરે ત્રીશ વરસ ઉપર બાવા હયાત હતા. શ્રીરણછોડ રાયનાં રોજ દરશન કરવા જતી વખતે ગરીબો માટે પઈસા, બે આની, પાવલી, અરધા રૂપીઆ અને મહોર ઉછાળતા હતા.

સારો કવિ હતો.

ઘણાં પદો અને કવિતા પ્રખ્યાત છે.

હાલ એ જગા બીસમાર છે. લોકોને થોડા આશ્રય જેવી જગા છે.

ડાકોરની સાંઢીઆ પોળ.

સારવજનીક સાંઢો રાખવા તથા બરદાસ્ત કરવા માટે એક નહાનું સરખું ખાતું પાંજરાપોળના નિયમ પ્રમાણે ચાલેછે. અમદાવાદનું મહાજન તેની વ્યવસ્થા કરતું હતું અને હાલ પણ કેટલેક દરજ્જે તેનું કામ ચાલેછે.

ડાકોરની મ્યુનીસીપાલીટી.

પ્રેસીડેન્ટ

ખેડા જીલ્લાના કલેકટર સાહેબ.

વાઈસ પ્રેસીડેન્ટ.

ખેડા જીલ્લાના આસીસ્ટંટ કલેકટર સાહેબ.

ચેરમેન.

ઠાસરા તાલુકાના મામલતદાર સાહેબ.

એમના સીવાય બીજા ૭ ગ્રહસ્થો કમીશનર છે, જેમાં ૩ સરકારી નોકર અને ૪ ગામના ગ્રહસ્થો છે.

સેક્રેટરી—મી૰ જેશંકર દાજીભાઇ.

કચેરી મંડળ.

મોટી પુનમો ઉપર ઘણુંકરી મામલતદાર, આસીસ્ટંટ કલેક્ટર, પોલીસ ઇનસ્પેક્ટર અથવા સુપ્રિન્ટેન્ડેન્ટ અને પોલીસની મોટી પારટી ખાસ હાજર રહેછે.

પોસ્ટ આફીસ.

ડુંગરા તરફ રંગમહેલવાળા મકાનમાં.

સબ પોષ્ટ માસ્તર—મી૰ સોમાભાઇ રણછોડ.

જાત્રાળુ માટે જોવાલાયક.

ડાકોરથી સાત આઠ ગાઉ ફરતી રમણીય જગા.

૧ લસુંદરાના ઉના ટાઢા પાણીના કુંડ.

૨ ટુવા કાંકણપુરના ઉના ટાઢા પાણીના કુંડ.

૩ મહીગળતેશ્વર મહાદેવ.

૪ નેસના હરમાન.

૫ રણમુકતેશ્વર મહાદેવ.

૬ સુરેશ્વર મહાદેવ.

૭ ચત્રુભુજ.

૮ નીલકંઠ મહાદેવ.

૯ સોમનાથ મહાદેવ.
૧૦ હીરાતલાવડી.
૧૧ માણેકનાથ મહાદેવ ભરથરીવાળા.
૧૨ શ્રીરણછોડરાયનાં પગલાં શીમળોજ.
૧૩ પગલાં પાસે બીલેશ્વર મહાદેવ.
૧૪ શેઢીનો પુલ અને બાવાની જગા તથા બાગ.
૧૫ ઉમરેઠનાં પગલાં અને બેઠક તથા બાગ.

આટલી જગા ખાસ જાત્રાળુને ફરવા અને જોવાલાયક છે અને ઉમરેઠ તો ખાસ જાત્રાળુને ફરીને જોવાલાયક છે.

ઉમરેઠની હકીકત.

ડાકોરથી ત્રણ ગાઉને શુમારે ઉમરેઠ આવ્યુંછે. એ સારૂં વેપારીનું ગામ છે. ડાકોરના ઘણાખરા દુકાનદારો પોતાને જોઇતા એરાફીનો માલ ઉમરેઠથી મંગાવેછે. એ ગામ પાતરે વસાવેલું કહેવાયછે. ત્રીશ ચાળીશ વરસ ઉપર ગંધ્રપણ એટલે પાતરની સારી વસ્તી હતી તે હાલ નહીસરખી છે. જ્યાં પાતરોની વસ્તી હતી તે જગા આજે પણ ગંધ્રપવાડાના ટેકરાના નામથી મશહુર છે.

ઉમરેઠમાં મોટી વસ્તી ખેડાવાળ બ્રાહ્મણની છે. ખડાયતા વાણીઆની વસ્તી પણ તેટલાજ પ્રમાણમાં છે. બીજા વાણીઆની વસ્તી છે તેમ બીજી નાતના બ્રાહ્મણોની વસ્તી ઉપરાત પાટીદાર, ગરાશીઆ, ધારાળા, મોઇ, પગી, સુતારૂ, દરજી,

કુંભાર, લવાર સોની, ગોલા, કંદોઈ, કાછીઆ, ભાવશાર, હોરા, ઘાંચી હોરા, તંબોળી, ખરાદી અને બીજા મુસલમાન વગેરે મળી ઘણી જાતની વસ્તી છે. છેલી ગણતરી પ્રમાણે એ ગામની વસ્તી પંદર હજારથી વધારે માણસની ગણવામાં આવીછે.

ગામના સઘીઆમ રસ્તા જો કે પથરની સડકવાળા નથી તોપણ સારા, ઘર શોભાયમાન અને પુરાતન હવેલીઓ વખાણવાલાયક તથા મજબુત છે અને એ ગામમાં સાધારણ રીતે વેપાર રોજગાર સારો નજર આવેછે અને ગામ નાહાના શહેર જેવું દેખાયછે. લોકોની રીતભાત અને લેણદેણનો વહેવાર સારો તથા લોકોની ધરમ ઉપર આસ્તા સારી છે.

વૈષ્ણવ ધર્મ ઘણે ભાગે સઘળા વાણીયા અને શીવ ધર્મ ઘણે ભાગે સઘળા બ્રાહ્મણ પાળેછે અને બીજા ધર્મ પાળનારા સાધારણ રીતે ઘણા થોડા નજર આવેછે, કેટલાક વાણીઆ, બ્રાહ્મણ અને બીજા લોક કાંતો સ્વાર્થને લીધે કે કાંતો પોતાની અજ્ઞાનતાથી બીજા નુતન ધર્મના અંગીકારી અને આગ્રહી પણ જોવામાં આવેછે.

વૈષ્ણવી અને શૈવી ધર્મના લોકો ઘણા હોવાથી તેમના તહેવારો ઉપર ગામમાં રચના સારી થાયછે. ઉમરેઠ એ જાણે વંદ્રાવન અથવા મથુરાં અને ડાકોર એ જાણે ગોકુળ થઈ પડ્યું હોય તેમ ઉમરેઠના કેટલાક લોક દરરોજ, દર અગીઆરશે, દર શુક્રવારે અને પુનમ નીમધારી પ્રમાણે શ્રીરણછોડરાયના દરશને જાયછે. કોઈ ચાતુર માસ કરનાર, કોઇ શ્રાવણ માસમાં

શ્રીરણછોડરાયને તુળશી ચડાવનાર ને દરશનના નીમધારી, પ્રકારના સ્નાન કરનાર, કોઇ માઘસ્નાન કરનાર એવા ઘણા મરેઠના લોકો શ્રીરણછોડરાયના ભાવીક જોવામાં આવેછે. ધારણ પ્રકારે ઉમરેઠના લોક શ્રી રણછોડરાયની બાધા ઉતાવ માનેછે અને દરેક તહેવારે એટલા બધા લોક ઉમરેઠથી કોરે દરશને આવેછે કે તવે સમ ડાકોરની મોટી વસ્તી પડેછે, ઉમરેઠ એજ જાણે તહેવાર દીપાવનાર શ્રી રણછોડરાય લાડીલું ગામછે. એકંદર એવું અનુમાન થાયછે કે એકલું ઉમ ડાકોર ખાતે શ્રીરણછોડરાય નીમતે બાધા, માનતા અને ભોજનમાં મળી દર વરસે આશરે ત્રીસથી ચાળીસ હજાર પીયા સુધી ખરચેછે. આવા ધાર્મીક અને પરમભકતોએ વખત દસરાને દીવશે અમારી સાથે શ્રી ગોપાળલાલજીને ઉ ઠ પધરાવી એક વીશાળ બાગ જે બનાવતાં આશરે દશ પ હજાર રૂપીયા ખરચ થાય એવો રમણીય બાગ મોટા ઉહે સાથે શ્રીરણછોડરાયને અરપણ કરી શ્રીરણછોડરાયની બેઠક ને પાદુકા કરાવીછે જ્યાં નીત્ય નીયમ પ્રમાણે દરશન થા અને હજારો લોક રોજના દરશનના નીયમધારી છે અને ણીતા જાત્રાળુઓ પણ દરશન કરવા જાયછે. દરેક જાત્રાળુને ટારત છે કે જેઓ શ્રીરણછોડરાયની જાત્રા કરવા આવેછે એ અવશ્ય દોઢ ગાઉ ઉપર સીમલોજની ભાગોળે શ્રીરણછોડ નાં પગલાં અને ઉમરેઠ ખાતે શ્રીરણછોડરાયની બેઠકનાં અને સાધુજી મહારાજના મંદીરનાં દરશન કરવાં જોઇએ.

ઉમરેઠમાં જોવાલાયક જગા.

શ્રીરણછોડરાયનો બાગ અને બેઠક, ભદ્રકાળીમાતા અને વણજારાની વાવ, મહારાજનાં મંદીર, સંતરામ મહારાજનું મંદીર' ગામનાં તળાવો અને બીજાં દેવસ્થાનો અને તેમની આશપાસની જગા ડાકોરના જાત્રાળુઓને અવશ્ય જોવાલાયક છે. મહારાજના મંદીરમાં થતા હીંડોળા તો અવશ્ય દરેક જાત્રાળુ વૈષ્ણવને દરશન કરવા લાયક થાયછે.

જાણીતાં શીવાલય.

૧ જાગનાથ.	૨ ભૈરવનાથ.	૩ મુળેશ્વર.
૪ બદ્રીનાથ.	૫ અમરેશ્વર.	૬ મંગળેશ્વર.
૭ વાઘનાથ.	૮ પંચમુખી.	૯ કામનાથ.
૧૦ પુરણાનંદ.	૧૧ દત્તાત્રય.	૧૨ વેરઈના મહાદેવ.

એ શીવાલયોમાં જાગનાથ અને પંચમુખી મહાદેવ શીવાયનાં તમામ શીવાલયો ખેડાવાળ બ્રાહ્મણોએ બંધાવ્યાં છે અને શીવ સ્થાપન કરયાંછે. ઉપર જણાવેલાં શીવાય બીજાં ઘણાંક નાનાં સ્થાનો છે પણ ઉપલાં શીવાલય અને તેના અંકની જગા અવશ્ય જોવાલાયક છે.

બાલાજીનું મંદીર.

ઓડ ભાગોળે આવેલા મલાવ નામના તળાવ ઉપર એક શીખરબંધી બાલાજીનું મંદીર છે તે ખેડાવાળ બ્રાહ્મણનું બંધાવેલું છે. એના અંગમાં પુજારીના પોષણ માટે ચોકસ જગા

છે તથા નાતે લાણું અને સીધાં બાંધી આપેલાં છે. થોડીક મુદત ઉપર દર શુકરવારે ઘણાં છોકરાં પણ બાલાજીનાં દરશન કરવા જતાં અને ચાર પાંચથી વધારે શેર ચણાનો પ્રસાદ વહેંચતા હતા. હાલ તે બંધ પડેલું જણાવછે. ખેડાવાળના ઇષ્ટ બાલાજી હોવા જોઇએ. તે વગર આવું મોટું મંદીર ગુજરાતમાં આવી વસેલા ખેડાવાળ બંધાવે નહી. મદ્રાસમાં ખેડાવાળના ઉતારામાં બાલાજીનું મંદીર છે અને ત્યાં રોજ નૈવેદ કરયા પછી ઊતારામાં રહેનાર તમામ માણસો ભોજન લેછે. નાતમાં કાંઇ વાંધો પડયો હોય અને તે ભાગતાં બાલાજીના નામનાં નોતરાં કરેછે. આ ઉપરથી સીદ્ધ થાયછે કે ઇષ્ટ બાલાજી હોવા જોઇએ.

બીજાં દેવસ્થાન.

માતા—ભદ્રકાળી, ચરણી (તારૂણી) બેચરા, વેરાઇ અને અંબા તથા સતીની ડેરીઓ જરૂર જોવાલાયક અને દરશન યોગ્ય છે.

હરમાન—ઓડ અને ડાકોર ભાગોળે મળી બે રોકડીઆ હરમાન તથા જાગનાથ ભાગોળે ભેરવનાથની મુરતી પણ જોવાલાયક અને જગ્યા રમણીય છે.

વૈષ્ણવી મંદીર.

૧ જુનું મંદીર.	૨ નવું મંદીર.	૩ મરજાદીમંદીર.
૪ રૂગનાથજી.	૫ શ્યામસુંદરજી.	૬ કેશવરાયજી.
૭ ગોપાળજી.	૮ બીજા ગોપાળજી.	૯ રૂઘનાથજી.

૧૦ લાલદરવાજે ગોપાળજી.

એ મંદીરોમાં સમા સમાનાં દરશન થાયછે અને વેશ્ણવી સંપ્રદાય પ્રમાણે સેવા થાયછે. તેમાં મહારાજના મંદીરનાં ઓછવો અને હીંડોળાનાં દરશન અવસ્ય ડાકોરના જત્રાળુઓને કરવા લાયક છે, ઉમરેઠમાં ગુંસાઇજીના મંદીરનો કારભાર મરજાદી શાસ્ત્રીબાવા કરેછે જે ઠાકોરને અનેક પ્રકારે રૂડાં લાડ લડાવે છે.

ધરમશાળા.

બેડાવાળની માલકીની.

૧ ભટવાડા પોળ સામે.
૨ સરાફ પોળવાળી.
૩ રામકૃષ્ણ કાશીદાસવાળી.
૪ માણેકજી શુભરાય.
૫ હરીભટવાળી.
૬ હરગાનવાળી.
૭ પરસોતમ ગોવીંદરામ.
૮ લીલાધર કાશીરામ.
૯ પરસોતમ જગનેશ્વર.
૧૦ રામચંદ્ર વંકેશ.
૧૧ સન્યાસીનો મઠ.
૧૨ પુરણાનંદવાળી.
૧૩. વિદ્યાપુરીવાળી જગા અને ઓસારો.

બીજા લોકની.

૧૪ ગણપતીવાળી.
૧૫ ગોલાના પંચની.
૧૬ પોરવાડ વાણીઆની.
૧૭ પ્રેમાનંદ નરસીદાસ.
૧૮ પોરવાડની બીજી.
૧૯ દેવજી કેવળ.
૨૦ તુળજાઇમાતા.
૨૧ કાછીયાવાળી.
૨૨ પારેખની ધરમશાળા તેમાં એક ઓસારો શેઠ ગોકળ—

દાસ પારેખ એલ. એલ. બી. હાઇ કોરટના વકીલે પોતાના પીતા સ્વર્ગવાસી થયા તેમની પાછળ પુન્ય માટે બંધાવ્યો છે.

૨૩ વડા તળાવ ઉપર વિશ્રામઘાટવાળી જગાએ વાણીયા મહાજને પરવાનગી મેળવી એક ઓસારો બંધાવ્યોછે.

સ્મશાન ભુમી.

૧ ઓરસીયું. ૨ કચણ. ૩ ભટનું મશાણ. ૪ ચઠી. ૫ તેતરીયું. ૬ આસકાળી. ૭ વડી ભાગોળ. ૮ શેલતોનું. એ વગેરે કેટલાક ખાસ સ્મશાન ભુમી છે. જેની મહાજન તરફથી કાંઈપણ સારી વ્યવસ્થા રહેતી નથી. પણ મહાજનની ફરજ છે કે સારી વ્યવસ્થા કરવી.

અન્નછત્ર.

૧ જોશી રામચંદ્ર વંકટેશનું રોજ પાંચ માણસ માટે.

૨ પંડ્યા. પરસોતમ ગોવીંદરામ એકને ખીચડી.

૩ સન્યાસીનું અન્નછત્ર તમામ સન્યાસી માટે.

૪ તરવાડીવાળું પીંપળી માતા આગળ.

સદાવ્રત.

શેઠ. રણછોડ જેઠાએ સ્થાપેલું.

એમાં બીજા ઉદાર ગ્રહસ્થો પોતાની ઇચ્છા પ્રમાણે રકમ ભરે છે તથાં અન્ન વગેરે આપેછે.

રોજ સાધુને સીધાં અપાય છે.

પ્રેમાનંદ નરસીદાસનું ચણાનું સદાવ્રત.

સાધુઓને શેકેલા ચણા આપવામા આવે છે.

ધરમનાં નાણાં (ફંડ.)

૧ પરબડી. ૨. હવાડો. ૩. મલાવ. ૪ વકુ તળાવ. એ ધરમાદા ફંડ પંખીને દાણા નંખાવવા, ઢોરને પીવા માટે હવાડામાં ઉનાળામાં પાણી ભરાવવું અને બે તળાવમાં જરૂર જોગ કામ કરાવવું પડે તે માટે એ ફંડો લાંબી મુદતથી ચાલતાં આવ્યાં છે. પણ તેનો હિસાબ-ખિતાબ જે ધણીઓ રાખતા હોય તેમના ચોપડામાં જે રીત લખાયો હોય તે ખરો તે શીવાય પ્રજા તે હીસાબથી અજાણી છે માટે સમજુ લોકોએ જરૂર પોતા પાસેના હિસાબથી તેમાં રકમ ભરનાર તથા પ્રજાને વાકેફ કરવાની ખાસ જરૂર છે.

મીઠા પાણીના કુવા.

૧ હોરા કુઈ.	૨ અંબાઈયો.	૩ વાલવો.
૪ મીઠો.	૫ ભોલવો.	૬ વ્યાસનો.
૭ વાલજી.	૮ જોશી કુવો.	૯ કવાતીનો.

ઉપલા આઠ કુવાનું પાણી ગામ લોકો પીવા માટે વાપરે છે અને નવમા કવાતીનો કુવો જેના સંબંધે દવે વીઠલજી ભુદરજીએ કુવાનો જીરણોધાર કરાવી વિશાળ હવાડો બંધાવેલો તે હવાડામાં આજે ઉનાળાના દીવસોમાં જ્યારે તળાવમાં ઢોર માટે પાણી હોતું નથી ત્યારે મહાજનવાળા હવાડાફંડને નામે

જે એક ઉઘરાણું છે તેમ થી ખરચ કરી કવાતીના કુવામાં કોસ જોડાવી હવાડો ભરાવી તેનો ખરચ નભાવે છે. સઉ વખાણેલા લાયક પાણી હોરાકુઈનું ગણાય છે તે આજારી મ સોને ઘણું ગુણકારી છે. ગામની ભાગોળે અને ગામમાં બી કુવા અને કુઇયો છે. તે પાણી નહાવા ધોવા માટે વપરાય અને ખેતર નજીકના કુવા ખેતરો પાવાને કામ આવે છે.

તળાવ અને તળાવડી.

૧. મલાવ. ૨ રામ તળાવ. ૩ ભટનું તળાવ.
૪ વડુ તળાવ. ૫ પાળીખંડુ. ૬ બદ્રીનાથનું.
૭ આરણીમાતાનું. ૮ પાળીખંડુ. ૯ લવારીયું.
૧૦ ચટીનું. ૧૧ કુવાતીનું. ૧૨ સતાં.

આ તળાવોમાં ઉપલાં ચાર ગામની આસપાસનાં મ ાેટાં તળાવો છે અને બાકીની ભાગોળ પાસેની નહાની તળાવડીઓ છે. એ તળાવડીમાં પાળીખંડુ અને બદ્રીનાથ તળાવડીનું પાણી ઉનાળાના છેવટના ભાગ સુધી કામ આવે છે.

જાહેરખાતાં.

જુબીલી હાલ.

નાગદાર મહારાણી વીકટોરિયાની જુબીલીની યાદગીર કાયમ રાખવા સારૂં ગામના લોકના ઉઘરાણાથી એક વિશાળ મેગાન રોકી તેમાં એક સુંદર મકાન નિશાળ માટે બનાવ્

છે અને તે સારવજનીક સભા ભરવાને ઉપયોગી છે તથા તેમાં ગામ લોકને ખરચે અંગ્રેજી નિશાળ ચલાવવામાં આવેછે.

ઉમરેઠ એંગ્લો વરનાક્યુલર સ્કુલ.

જુબીલી હાલમાં.

હેડમાસ્તર મી૰ મહમદ ઇબ્રાહીમ.

બે આસીસ્ટંટ.

આશરે ૬૩ છોકરા અભ્યાસ કરે છે.

સરકારી ગુજરાતી નિશાળ.

સરકાર અને મ્યુનિશિપાલીટીને ખરચે નભે છે.

વડા શિક્ષક મી૰ છગનલાલ માણેકજી.

આઠ મદદગાર શિક્ષકો.

આશરે ત્રણસેં છોકરા અભ્યાસ કરે છે.

છઠા ધોરણ સુધી અભ્યાસ થાય છે.

શાખા (બ્રાંચ) નંબર ૧.

વડા શિક્ષક મી૰ દવારકાદાસ તારાચંદ.

પાંચ મદદગાર શિક્ષકો.

આશરે બસો છોકરા અભ્યાસ કરે છે.

શાખા (બ્રાંચ) નંબર ૨.

વડા શિક્ષક મોતીરામ વેણીરામ.

બે મદદગાર શિક્ષકો.

આશરે સો છોકરા અભ્યાસ કરે છે.

હિંદુસ્તાની મકતબ.

વડા મુનશી સૈયદમીયાં બાવામીયાં.

મદદનીશ બીજા ત્રણ.

આશરે સો છોકરા અભ્યાસ કરે છે.

ગુજરાતી કન્યાશાળા.

વડા શિક્ષક બાઈ ગૌતમ રાજારામ.

બે મદદગાર શિક્ષકો.

શીવણ અને ભરતકામ શિખવનાર દરજી.

આશરે બાણું છોકરી અભ્યાસ કરેછે.

ઉપલી તમામ સરકારી ગુજરાતી અને ઉરદુ નિશાળોના વરિષ્ટ મોટી નિશાળના માસ્તર ગણાય છે.

તમામ નિશાળોની દેખરેખ મ્યુનિશિપાલ કમિટી રાખે છે.

ફેરબદલી કેળવણી ખાતાના અધીકારીને હુકમે થાય છે.

મોટી નિશાળનું મકાન સરકારી અને ગામને ખરચે બંધાએલું છે. અને બીજી નિશાળો ભાડાના મકાનમાં છે.

ઉમરેઠ લાઈબ્રરી

જ્યુબીલી હાલવાળા મકાનમાં.

સેક્રેટરી મી૦ મહમદભાઈ ઈબ્રાહીમ માસ્તર.

આશરે પંદર મેંબર.

ઉમરેઠ ડીસ્પેનસરી.

મ્યુનિશીપાલીટીને ખરચે ચાલે છે.

જુબીલી હાલનો થોડો ભાગ ભાડે રાખેલો છે.

ડાકટર.

મી૦ શિવપ્રસાદ ઝવેરીલાલ આસ્પીટલ આસીસ્ટંટ.

દરદીઓની આવજા સારી થાય છે.

રટ હાઉસ.

ભરવાડા પોળ પાસે ભાડાના મકાનમાં.

સબ પોષ્ટ માસ્તર મી. તારાશંકર પ્રભાશંકર.

ઉમરેઠ મ્યુનિસિપાલિટી

સરકાર ઘરમાં.

પ્રેસીડન્ટ

ખેડા જીલ્લાના આસીસ્ટંટ કલેકટર સાહેબ.

વાઇસ પ્રેસીડન્ટ.

આણંદ તાલુકાના મામલતદાર સાહેબ.

ચેરમેન

આત્મારામ જેશંકર મુનશી સબરજીસ્ટ્રાર.

એમના સિવાય બીજા સાત ગૃહસ્થો કમિશનર છે. જેમાં ત્રણ સરકારી નોકર અને ચાર ગામના ગૃહસ્થો મળી એકંદર દસ ગૃહસ્થોની કમિટિ તેમાં છ સરકારી અમલદાર અને ચાર ગામના ગૃહસ્થોની કમિટી થયું છે.

સેક્રેટરી મી. લક્ષ્મણરાય દોલતરાય.

દીવાની કોરટ.

સરકારી કોટમાં સરકારનું ખાસ મકાન.

સેકન્ડ ક્લાસ સબ જડજ કોરટ.

આન સાહેબ નવરોજજી બેરામજી કાકા એસ્કવાયર.

સેકન્ડ ક્લાસ સબ જડજ સાહેબ.

કે ૨૮ કસાર્ડ.

આજમ તુળસીરામ લાલરામ.

વકીલમંડળ.

મી. રણછોડદાસ નાગરદાસ.

મી. શ્રીવલ્લભદાસ મુળચંદ.

મી. મણીલાલ પ્રભુલાલ તલવાડ.

મી. ભાણશંકર માહેશ્વર

મી. નંદલાલજી પરમારામ.

મી. મુળજી બાપુજી.

પોલીસ થાણું.

સરકારી કોરટના ખાસ બાંધેલી ગેટ.

જમાદાર ગુલામ ખાન ...

નાયક તથા ૭ સીપાઈ મળી ૯ માણસનું થાણું છે.

મુખી ગામના પટેલ મોતીલાલ ખુશાલ.

સંતરામ મહારાજનાં મંદીર.

જે વખતમાં ડાકોરમાં શ્રી રણછોડરાય પધરાવવા માટે આશરે વિશાળ અને રમણીય મંદીર સંવત ૧૮૨૮માં બંધાવ્યું તે વખતમાં સંતરામ મહારાજ ડાકોરમાં હતા. એમના ચમત્કાર માટે તેમના સેવકો અનેક પ્રકારના દાખલાનું વરણન કરે છે અને હાલને સમે પણ સાક્ષાત સંતરામ મહારાજ તેમના

સાધુ અને ભાવીક સેવકોને પ્રસંગોપાત સમક્ષ દરશન દેછે એમ તેઓનુ કહેવું અને માનવું છે.

સંત્રામ મહારાજનો ધરમ સરળ અને નીતીમાન જણાય છે. ગાદીના અધીકારી સાધુઓ પોતાના મંદીરથી બહાર વગર પ્રસંગે એકલા નીકળતાજ નથી તેઓ પોતાના કાળ ભજન અને જગાના સુધારા માટે તથા સેવકોને ઉપદેશ કરવામાં શાંત પણે ગુજારેછે, તેમને કોઈ પ્રકારની ઉપાધી હોતી નથી.

મંદીરો ઘણાં સ્વચ્છ અને જાત્રાળુ તથા પરદેશીને મદદ થઈશકે એવો તમામ સામાન મંદીરમાં તયાર હોય છે. કોઈ પણ અભ્યાગત, જેને ખાવા પીવાનું મળતું નથી અને વિસામાની સેવા નથી તેમને એ મંદીરમાંથી આશ્રા મળેછે. અને મંદીરમાં કેવે પ્રકારે ઉપજ થાયછે અને ખરચ થાયછે તે કોઈ જાણી શકતું નથી. ભગતો એવા પરમ રથુ છે કે હજારો રૂપીયા ખરચે છે પણ તેમણે ખરચ કરયો એવું જાહેરમાં લાવી ફીરતી કરતા નથી.

સંત્રામ મહારાજના મંદીરમાં ગાદી આગળ અખંડ દીવો રહે છે અને જ્યાં નવું મંદીર કરવાનું હોય છે ત્યાં નડીયાદના મુખ્ય મંદીરમાંથી દીવો પ્રગટીને ઘણી સંભાળથી લઈ જવામાં આવે છે અને એવો દીવો એકવાર પ્રગટાયો કે સદા સરવદા કાયમ રહે છે. અધીકારી સાધુ એ દીવાની ઘણી જતનથી સંભાળ રાખે છે. અને નેમ પ્રમાણે ગાદીની પુજા થાયછે તથા સેવકો પરસાદ અને હાર લાવે છે તે ગાદી આગળ ધરાવવામાં

આવે છે. જેમની આસ્થા એ ધરમ ઉપર છે તેમને માહારાજ ને પ્રતાપે જેવી મન વાંછા તેવી ફળ થાય છે અને તેને અંગે હજારો રૂપીઆ બ્રહ્મભોજનમાં ખરચ થાય છે.

મુળ સંત્રામ મહારાજે પદરામાં ગાદી સ્થાપન કરેલી. ત પછી વડોદરાના ગાદી સ્થાપન કરી અને છેવટ નડી ૧૬ મુકામ ગાદી સ્થાપી ત્યાં અલૌકીક જગા બંધાવી ત્યાંજ સમાધી લીધેલી કહેવાય છે તેથી નડીયાદનું મંદીર મુખ્ય ગણાય છે તમામ મંદીરો નડીયાદના તાબાનાં ગણાય છે. ને સાધુઓ ને નડીયાદના અધીકારી ચાદર ઓઢાડે છે. જે મંદીરમાં જે પેદા થાય છે તે તેજ મંદીરના કામમાં વપરાય છે. સંત્રામ માહારાજના મંદીરમાં કોઈપણ પ્રકારે કોઈપણ જાતની સેવા ફેરવ નો કહેવામાં આવતું નથી. અજાચક વૃત પાળવામાં આવે છે અને ભક્તો પોતાની ઉલટ અને ઇચ્છાથી સેવા કરે છે.

સંત્રામ માહારાજના સાધુઓ માહારાજે કીધેલા નીમ બ્રાંથીં પાળે છે.

સંત્રામ મહારાજ.

શિષ્ય મંડળ.

૧ લખ્મણદાસજી. ૨ હરીરામજી, ૩ રાઘવમુનીજી, ૪ દયાનીદાસજી વગેરે ઘણા હતા.

નડીયાદની ગાદી.

૧ સંત્રામ મહારાજ. ૨ લખ્મણદાસજી ૩ ચતુરદાસજી. ૪ જેરામદાસજી. ૫ મુગટરામજી ઉરફે મુની માહારાજ. જેરા

મદાસજી પોતાની ભારે માંદગીને વખતે મુગટરામજીને ચાદર ઓરાઢી ત્યારથી ગાદીનું કામ મુગટરામજી કરે છે અને જેરામ દાસજી પોતાનો કાળ વિશ્રાંતી અને ભજનમાં ગુજારે છે.

દર પુનમે નીમધારી નડીયાદ દરશને જાયછે અને ભંડારા કરેછે. પણ માહા મહીનાની પુનમ ઉપર ત્યાં મોટો મેળો ભરાય છે સંત્ર મારે આવે છે અને ઘણા ભંડારા થાય છે જેમાં પ્રથમ તમામ બ્રાહ્મણોને જમાડી પછી સંત્રના જેટલા લોકો પ્રસાદ લેના જાય તેમને જમાડવામ આવે છે.

ઉમરેડા ગાદી.

સંત્રામ માહારાજના શિષ્ય લખમણદાસજીના શિષ્ય ગંગારામ માહારાજ નડીયાદથી દીક્ષા લઈ ઉમરેડ પધારેલા.

ગામ લોકોએ અને શિષ્ય મંડળે ગંગારામ માહારાજની સારી આગતા સ્વાગતા કરી ગામમાં મંદીર માટે ગામની વચ્ચે અને તળાવને કીનારે એવી જગા સંપાદન કરી અને વિશાળ મંદીર બંધાવ્યું. આ મંદીર બે ઘડી બેશી પ્રભુ ભજન કરવા લાયક અને જીવને વીશ્રાંતી આપવા લાયક છે મંદીરમાં કોઈ બાગ બગીચા આસારા મેડીઓ અને બીજી પ્રકારની એવી સોઈ કરવામાં આવી છે કે એક રજવાડાથી તે ગરીબનો પણ સમાવેશ થઈ તેમને સરવે વાતની સોઈ મળી આવે.

ગંગારામ માહારાજે સમાધી વખતે જેરામદાસજીને ગાદી સોંપી અને તેમને રીતસર ચાદર ઓઢાડવામાં આવી છે.

પોશ મહીનાની પુનમ ઉમરેડ ખાતે સંત્રામ માહારાજના

મંદીરમાં મોટો સંઘ ભરાય છે અને જાત્રાળુની ગીરદી સારી થાય છે.

જાત્રાળુ તરફથી ભંડારા થાય છે અને માહારાજ પણ મંદીર તરફથી ભંડારો કરી બ્રાહ્મણોને જમાડી જાત્રાળુઓને પ્રસાદ લેવાડે છે.

પાદરાની ગાદી.

૧ રાઘવ મુની ૨ આતમારામ ૩ ગેબીરામ.

હાલ નરભેરામજી ગાદી ઉપર છે અને તે ચોથા અધીકારી છે.

રામનોમી ઉપર પાદરામાં ઓછવ થાય છે.

વડોદરાની ગાદી.

૧ હરીરામ. ૨ ભગવાનદાસ. ૩ ગોપાળદાસ.

ચોથા પુરૂષ દયારામજી ગાદી ઉપર છે.

વસંતપંચમી ઉપર ઓછવ થાય છે.

કોયલીની ગાદી.

૧ ધ્યાનીજી. ૨ હરીદાસજી.

કરમસદ.

સેવાદાસજી ગાદી ઉપર છે.

આ પ્રમાણે ૧ નડીયાદ. ૨ ઉમરેઠ, ૩ પાદરા, ૪ વડોદરા, ૫ કોયલી, ૬ કરમસદ ખાતે મંદીર છે. તેમાં સંત્રામ માહારાજના ભગતો ભજન કીરતન કરી, તથા માનતા આખડી રાખી પોતાનું મનવાંછીત ફળ મેળવવા આકાંક્ષા રાખે છે. બધા મંદીરોનો કારભાર સારી રીતે ચાલે છે. સાધુઓની આસ્તા અને

કરણી સારી હોય છે. તેમજ પોતાના ધરમમાં જ્ઞાન સારૂં હોય છે અને લોકોને પોતના ધરમનો બોધ કરે છે. વધારે વખાણવા લાયક એ છે કે સંતરામ માહારાજના ધરમમાં તેમના સાધુ કે ભગત કોઈપણ ધરમ કે દેવની નીંદા કરતા નથી અને પોતાની આસ્થા પ્રમાણે પોતાના ભજનમાં પોતાનો કાળ કહાડે છે તથા સાધુ ખરા નીતીવાન અને અપેક્ષારહીત નજર આવે છે.

ડાકોરના જાત્રાળુઓને ગરેડનું સંતરામ માહારાજનું મંદીર જોવાલાયક અને દરશન કરવા લાયક છે. તેમ નડીઆદનું મંદીર પણ અવશ્ય જાત્રાળુઓ અવકાશ મળી શકે તો જરૂર જો-વા અને દરશન લાયક છે. આ પુસ્તકમાં જગાની રોકાણે મંદીર રચનાનું વરણન થઈ શક્યું નથી. પણ નડીયાદ અને ઉમરેઠના સંત્રામ માહારાજનાં મોટા ધામો અવશ્ય અવલોકન કરવા લાયક છે.

સંવત ૧૯૫૦ની સાલનું પંચાંગ.

कार्तिक शुक्लपक्ष.

તા૦ ૯ નવેંબર ૧૮૯૩ થી તા૦ ૨૩ મી સુધી.

સંવત ૧૯૫૦ કાર્તિક સુદ ૧ થી તે ૧૫ સુધી.

ઈ.તા.	વાર.	તીથી.	
૯	ગરૂ		ગોક્રિડા, અન્નકુટનો ઉત્સવ, બળી ૧
૧૦	શુક્ર	૨	ભાઈબીજ ચંદ્ર દર્શન
૧૧	શની	૩	[illegible]
૧૨	રવી	૪	વિનાયક ચોથ
૧૩	સોમ	૫	૩૮ ઘડી પછી મૃત્યુ યોગ, સૌભાગ્ય ૫
૧૪	મંગળ	૬	હેમંતઋતુ બેઠી [illegible] ૬
૧૫	બુધ	૭	ખોરદાદ. બુધાસ્ત
૧૬	ગુરૂ	૮	દુર્ગા ૮ પંચક ૨૦-૩૬ પછી
૧૭	શુક્ર	૮	આનુર ધા. કૃતયુગ, ગોપ [illegible] પંચક
૧૮	શની	૯	[illegible] પંચક
૧૯	રવી	૧૦	૧૧ નો ક્ષય પ્રબોધની ૧૧ પંચક
૨૦	સોમ	૧૨	ચાતુર્માસ પુરો થયો તુળસી લગ્ન ૧૧, પંચક ૫૪-૮ સુધી
૨૧	મંગળ	૧૩	અમૃત ૫૧ પ્રદોષ
૨૨	બુધ	૧૪	વૈકુંઠ ૧૪, વૈકુંઠ નીરમાણ કર્યું
૨૩	ગુરૂ	૧૫	સમચંદ્ર, ૪૫ ડાકોરની જાત્રા

कार्तिक कृष्णपक्ष

તા. ૨૪ મી નવંબર ૧૮૯૩થી તા. ૮મી ડીસંબર સુધી.

સંવત ૧૯૫૦ કાર્તિક વદ ૧ થી ૩૦ સુધી.

ઈં.તા.	વાર.	તીથી.	
૨૪	શુક્ર	૧	પમચંદ ૪૧
૨૫	શની	૨	
૨૬	રવી	૩	સંકષ્ટ ૪, ચંદ્ર ઉદય ક. ૭ મી. ૫૮
૨૭	સોમ	૪	
૨૮	ભોમ	૫	દગ્ધ
૨૯	બુધ	૬	
૩૦	ગુરૂ	૭	કાળ ૮, કાળયવનનોજન્મ
૧	શુક્ર	૮	દગ્ધ બુધનો ઉદય, ડીસંબર માસ ૧૮૯૩
૨	શની	૧૦	૯ ક્ષય. ૧૯ પછી મૃત્યુ પમચંદ
૩	રવી	૧૧	ઉત્પતિ રમા ૧૧, અમૃત
૪	સોમ	૧૨	ભાગવત ૧૧
૫	ભોમ	૧૨	પ્રદોષ
૬	બુધ	૧૩	૩૧ પછી અમરૂત, શિવરાત્ર
૭	ગુરૂ	૧૪	દર્શ
૮	શુક્ર	૩૦	શ્રાદ્ધની અમાસ

मागसर शुक्लपक्ष.

તા. ૯ મી ડીસેંબર ૧૮૯૩ થી તા. ૨૩ મી સુધી.

સંવત ૧૯૫૦ ના માગસર સુદ ૧ થી તે ૧૫ સુધી.

ડી.તા.	વાર.	તીથી.	
૯	શની	૧	ચંદ્રદર્શન
૧૦	રવી	૨	જમદ્વિતિસ આમ્બર
૧૧	સોમ	૩	મૃત્યુયોગ અહોરાત્ર
૧૨	ભોમ	૪	૩૩ પછી દગ્ધ. વિનાયક ૪
૧૩	બુધ	૫	પંચક ૩૮—૪૦ પછી બેઠાં
૧૪	ગુરૂ	૬	દગ્ધ. ૩૮ મુળ ધનાર્કે પંચક
૧૫	શુક્ર	૭	૩૮ પછી દગ્ધ પંચક
૧૬	શની	૮	પંચક ૩૮ પછી દગ્ધ દુર્ગા ૮
૧૭	રવી	૯	કલ્પાદિ પંચક
૧૮	સોમ	૧૦	૩ પછી દગ્ધ, પંચક ૧૩-૨૭ સુધી.
૧૯	ભોમ	૧૧	મોક્ષદા ૧૧
૨૦	બુધ	૧૨	પ્રગાન.
૨૧	ગુરૂ	૧૩	યમઘંટ
૨૨	શુક્ર	૧૪	યમઘંટ
૨૩	શની	૧૫	દત્તજયંતી

मागसर कृष्णपक्ष.

તા. ૨૪ મી ડીસેંબર ૧૮૯૩થી તા. ૭મી જાનેવારી સને ૧૮૯૪ સુધી.
સંવત ૧૯૫૦ ના માગશર વદ ૧ થી તે ૩૦ સુધી.

ઈં.તા.	વાર.	તીથી.	
૨૪	રવી	૧	
૨૫	સોમ	૩	બીજનો ક્ષય
૨૬	મોમ	૪	૪૬ પછી દગ્ધ. અંગારકી ૪
૨૭	બુધ	૫	પૂર્વાષાઢા
૨૮	ગુરૂ	૬	દગ્ધ ૩૯—૪૭
૨૯	શુક્ર	૭	૩૦ પછી દગ્ધ
૩૦	શની	૮	૩૭ પછી દગ્ધ. કાળ ૮, મૃત્યુ. યમઘંટ
૩૧	રવી	૯	
૧	સોમ	૧૦	૪૫ પછી યમઘંટ, ૪૦ પછી દગ્ધ, જાનેવારી સને ૧૮૯૪
૨	મોમ	૧૧	સફલા ૧૧
૩	બુધ	૧૨	અમૃત, બુધાસ્ત
૪	ગુરૂ	૧૩	પ્રદોષ
૫	શુક્ર	૧૪	શિવરાત્ર
૬	શની	૩૦	દર્શ
૭	રવી	૩૦	ઉદયાત ૩—૫ સુધી

પૌષ શુક્લપક્ષ.

તા. ૮ મી જાન્યુઆરી ૧૮૯૪ થી તા. ૨૧ મી સુધી.

સંવત ૧૯૫૦ ના પોષ સુદ ૧ થી તે ૧૫ સુધી.

અં.તા.	વાર.	તીથી.	
૮	સોમ	૧	મૃત્યુ. ચંદ્ર દર્શન
૯	ભોમ	૨	ઉત્તરાષાઢા પંચક ૫૭ પછી
૧૦	બુધ	૩	દગ્ધ. પંચક
૧૧	ગુરૂ	૪	વિનાયક ૪ પંચક
૧૨	શુક્ર	૫	પંચક, શિશિરઋતુ બેઠી
૧૩	શની	૬	પંચક
૧૪	રવી	૭	દુર્ગા ૮. પંચક ૩૮--૮ સુધી
૧૫	સોમ	૮	વરખ રાશીનો ૨ ૯-૫૩ પછી
૧૬	ભોમ	૯	
૧૭	બુધ	૧૦	પુત્રદા સ્મા० ૧૧ એક મનુનો જન્મ
૧૮	ગુરૂ	૧૧	૧૧ નો ક્ષય ભાગવત ૧૧
૧૯	શુક્ર	૧૩	પ્રદોષ
૨૦	શની	૧૪	
૨૧	રવી	૧૫	ડાકોરની જાત્રા. માઘસ્નાન પ્રારંભ

પૌષ કૃષ્ણપક્ષ.

તા. ૨૨મી જાન્યુઆરી ૧૮૯૪થી તા. ૫ મી ફેબ્રુઆરી સુધી.

સંવત ૧૯૫૦ ના પોશ વદ ૧ થી વદ ૩૦ સુધી

ઈ.તા.	વાર.	તીથી.	
૨૨	સોમ	૧	
૨૩	ભોમ	૨	
૨૪	બુધ	૩	સં:ચ્ચિ. ૬૩૫
૨૫	ગુરૂ	૪	
૨૬	શુક્ર	૫	
૨૭	શની	૬	
૨૮	રવી	૭	કાળ ૮
૨૯	સોમ	૮	૩ પછી યમઘંટ
૩૦	ભોમ	૯	
૩૧	બુધ	૧૦	અમૃત ૧૩—૨૧ સુધી
૧	ગુરૂ	૧૧	ષટતિલા ૧૧, ફેબરૂઆરી સન ૧૮૯૪
૨	શુક્ર	૧૨	
૩	શની	૧૩	શની પ્રદોષ
૪	રવી	૧૪	બુધોદય ૩૩—૨૦ પછી
૫	સોમ	૩૦	સોમવતી. મહોદય પર્વ

माघ शुक्लपक्ष.

તા. ૬ઠી ફેબ્રુઆરી સને ૧૮૯૪થી તા. ૨૦મી સુધી.

સંવત ૧૯૫૦ના માહા સુદ ૧થી ૧૫ સુધી.

ફે.તા.	વાર.	તીથી.	
૬	ભોમ	૧	૪૮ પછી મૃત્યુ પંચક ૧૫-૩૫ પછી.
૭	બુધ	૨	૫૫ પછી દગ્ધ, ચંદ્રદર્શન, શુક્રાસ્ત.
૮	ગુરૂ	૩	સાબાન પંચક.
૯	શુક્ર	૪	વિનાયક ૪ પંચક.
૧૦	શની	૫	વસંત પંચમી, પંચક ૫૩—૪ સુધી.
૧૧	રવી	૬	
૧૨	સોમ	૭	મન્વાદી રથસપ્તમી.
૧૩	ભોમ	૮	દુર્ગા ૮, ભીષ્માષ્ટમી.
૧૪	બુધ	૯	
૧૫	ગુરૂ	૧૦	મૃત્યુ ૩૮-૭ સુધી.
૧૬	શુક્ર	૧૧	જયા ૧૧.
૧૭	શની	૧૨	શની પ્રદોષ, ભીષ્મ ૧૨.
૧૮	રવી	૧૩	કલ્પાદિ.
૧૯	સોમ	૧૪	
૨૦	ભોમ	૧૫	ડાકોરની જાત્રા. માઘ સ્નાન સમાપ્તી.

माघ कृष्णपक्ष.

તા. ૨૧મી ફેબ્રુઆરી ૧૮૯૪થી તા. ૭મી માર્ચ સુધી.

સંવત ૧૯૫૦ના માહા વદ ૧થી ૩૦ સુધી.

ઈં.તા.	વાર.	તીથી.	
૨૧	બુધ	૨	પડવાનો ક્ષય, ૫૬ પછી દગ્ધ.
૨૨	ગુરૂ	૩	
૨૩	શુક્ર	૪	સંકષ્ટિ.
૨૪	શની	૫	
૨૫	રવી	૬	
૨૬	સોમ	૭	યમઘંટ ૨૬-૪૭ સુધી.
૨૭	ભોમ	૭	કાળ ૮.
૨૮	બુધ	૮	૩૮ પછી યમઘંટ.
૧	ગુરૂ	૯	માર્ચ ૧૮૯૪.
૨	શુક્ર	૧૦	
૩	શની	૧૧	વિજયા ૧૧
૪	રવી	૧૨	દગ્ધ ૨૪-૫૦ સુધી.
૫	સોમ	૧૩	મહા શિવરાત્ર પંચક ૩૪-૨૯ પછી.
૬	ભોમ	૧૪	૬ પછી મૃત્યુ, પંચક.
૭	બુધ	૩૦	દર્શ, પંચક.

फागण शुक्लपक्ष.

તા. ૮મી માર્ચ ૧૮૯૫થી તે તા. ૨૧મી સુધી.

સંવત ૧૯૫૦ના ફાગણ સુદ ૧થી તે ૧૫ સુધી.

ઈં.તા.	વાર.	તીથી.	
૮	ગુરૂ	૧	પચક.
૯	શુક્ર	૨	ચંદ્રદર્શન, પંચક, અમૃત.
૧૦	શની	૩	મુંનના ગારત, પંચક.
૧૧	રવી	૪	વિનાયક ૪.
૧૨	સોમ	૫	વસંત રૂતુ.
૧૩	ભોમ	૬	
૧૪	બુધ	૭	દુગા ૮.
૧૫	ગુરૂ	૮	આઠર હોળાષ્ટક બેઠા.
૧૬	શુક્ર	૯	ઉત્તરા ભાદ્રપદા.
૧૭	શની	૧૧	આમળી કુંજ ૧૧, દશમને ક્ષય.
૧૮	રવી	૧૨	દગ્ધ, યમઘંટ
૧૯	સોમ	૧૩	સોમ પ્રદોષ.
૨૦	ભોમ	૧૪	ઘેરાંયા ચઉદશ.
૨૧	બુધ	૧૫	હોળી, ચંદ્રગ્રહણ, ડાકોરની જાત્રા.

फागण कृष्णपक्ष.

તા. ૨૨મી માર્ચ ૧૮૯૪થી તા૦ ૬ઠી એપ્રીલ સુધી,

સંવત ૧૯૫૦ના ફાગણ વદ ૧થી ૩૦ સુધી.

ઇં.તા.	વાર.	તીથી.	
૨૨	ગુરૂ	૧	હોળોત્સવ, ધુળ પડવો.
૨૩	શુક્ર	૨	
૨૪	શની	૩	સંકષ્ટિ.
૨૫	રવી	૪	૪૬ પછી મૃત્યુ.
૨૬	સોમ	૫	રંગપંચમી, બુધનો ઉદય.
૨૭	ભોમ	૬	
૨૮	બુધ	૭	યમઘંટ અહો રાત્ર છે.
૨૯	ગુરૂ	૮	કાળ ૮
૩૦	શુક્ર	૯	
૩૧	શની	૧૦	
૧	રવી	૧૦	એપ્રીલ સને ૧૮૯૪, પંચક ૫૩-૨૫ પછી
૨	સોમ	૧૧	દગ્ધ, પાપ મોચની ૧૧, પંચક.
૩	ભોમ	૧૨	મૃત્યુ પ્રદોષ, પંચક.
૪	બુધ	૧૩	શિવરાત્ર, પંચક.
૫	ગુરૂ	૧૪	દર્શ, પંચક.
૬	શુક્ર	૩૦.	સૂર્ય ગ્રહણ, પંચક ૩૩-૨૧ સુધી.

ચૈત્ર શુક્લપક્ષ.

તા. ૭મી એપ્રીલ ૧૮૯૪થી તા. ૨૦મી સુધી.

સંવત ૧૯૫૦ના ચૈત્ર સુદ ૧થી તે ૧૫ સુધી.

અં.તા.	વાર.	તીથી.	
૭	શની	૧	ચંદ્ર દર્શન. ગોડી પડવો, ગૌરીવ્રત.
૮	રવી	૨	સવાલ. મત્સજયંતી, ચંદ્રવ્રત.
૯	સોમ	૪	ત્રીજનો ક્ષય, વિનાયક ૪.
૧૦	મોમ	૫	દગ્ધ, હયવ્રત.
૧૧	બુધ	૬	કારતીક છઠ.
૧૨	ગુરૂ	૭	અશ્વની.
૧૩	શુક્ર	૮	દગ્ધ, દુર્ગા ૮ બુધાષ્ટમી.
૧૪	શની	૯	દગ્ધ, આવાન, રામનોમી.
૧૫	રવી	૧૦	૪ પાછી યમચંદ્ર.
૧૬	સોમ	૧૧	દગ્ધ, વ્યતિપાત, કામદા ૧૧.
૧૭	મોમ	૧૨	પ્રદોષ, વિષ્ણુ દમનોત્સવ.
૧૮	બુધ	૧૩	અનંતવ્રત.
૧૯	ગુરૂ	૧૪	મહાલક્ષ્મીની જાત્રા, નૃસિંહ દોલોત્સવ.
૨૦	શુક્ર	૧૫	ડાકોરની જાત્રા, હનમાન જયંતી.

ચૈત્ર કૃષ્ણપક્ષ.

તા. ૨૧મી એપ્રીલ ૧૮૯૪થી તા. ૫મી મે સુધી.

સંવત ૧૯૫૦ના ચૈત્ર વદ ૧થી ૩૦ સુધી.

ઈ.તા.	વાર.	તીથી.	
૨૧	શની	૧	સીદ્ધી યોગ ૧-૨૦ સુધી.
૨૨	રવી	૨	૫ પછી મૃત્યુ.
૨૩	સોમ	૩	સંકષ્ટી, અંગારકી ૪.
૨૪	ભોમ	૪	૧૪ પછી યમઘંટ.
૨૫	બુધ	૫	યમઘંટ, ભરણી.
૨૬	ગુરૂ	૬	દગ્ધ.
૨૭	શુક્ર	૭	૨૯ પછી દગ્ધ.
૨૮	શની	૮	૩૩ પછી દગ્ધ, મીનનો શુક્ર.
૨૯	રવી	૯	બુધનો અસ્ત, ૧૨-૨૬ પછી પંચક.
૩૦	સોમ	૧૦	૪૦ પછી દગ્ધ, પંચક.
૧	ભોમ	૧૧	મે ૧૮૯૪, વરૂથીની ૧૧, પંચક.
૨	બુધ	૧૨	પંચક.
૩	ગુરૂ	૧૩	પ્રદોષ, શિવરાત્ર, પંચક.
૪	શુક્ર	૧૪	
૫	શની	૩૦	દર્શ.

वैशाख शुक्लपक्ष.

તા. ૬ઠી મે સને ૧૮૯૪થી તા. ૧૯મી સુધી.

સંવત ૧૯૫૦ના વૈશાખ સુદ ૧થી ૧૫ સુધી.

ઇં તા.	વાર.	તીથી.	
૬	રવી	૧	ચંદ્ર દર્શન.
૭	સોમ	૨	૪૫ પછી અમૃત, પરશુરામજયંતી, ત્રીળકાદ
૮	ભોમ	૩	૪૧ પછી યમઘંટ, ત્રેતાયુગ, અખાત્રીજ.
૯	બુધ	૪	વિનાયક ૪.
૧૦	ગુરૂ	૫	૩૩ પછી અમૃત, ૭ પછી દગ્ધ.
૧૧	શુક્ર	૬	૨૨ પછીમૃત્યુ, ગ્રીષ્મ ઋતુ, દર્ગા ૮, ૭
૧૨	શની	૮	૫૦ પછી દગ્ધ [ક્ષય]
૧૩	રવી	૯	યમઘંટ ૨૨.
૧૪	સોમ	૧૦	૪૧ પછી દગ્ધ, આદર.
૧૫	ભોમ	૧૧	મોહિની ૧૧, શ્રીમદ વલ્લભાચાર્યનો જન્મ
૧૬	બુધ	૧૨	
૧૭	ગુરૂ	૧૩	પ્રદોષ.
૧૮	શુક્ર	૧૪	નૃસિંહ ૧૪.
૧૯	શની	૧૫	ડાકોરની યાત્રા, કુર્મ જયંતી.

वैशाख कृष्णपक्ष.

તા. ૨૦મી મે સને ૧૮૯૪થી તા. ૩જી જુન સુધી.

સંવત ૧૯૫૦ના વૈશાખ વદ ૧થી ૩૦ સુધી.

ઇં.તા.	વાર.	તીથી.	
૨૦	રવી	૧	મૃત્યુ ૨૮.
૨૧	સોમ	૨	
૨૨	ભોમ	૩	ગુરૂનો અસ્ત.
૨૩	બુધ	૪	રોહણી, સંકષ્ટ ૪
૨૪	ગુરૂ	૫	
૨૫	શુક્ર	૫	વૈધ્રૃત.
૨૬	શની	૬	મેષનો શુક્ર, પંચક ૩૧-૧૨ પછી.
૨૭	રવી	૭	કાળ ૮, પંચક.
૨૮	સોમ	૮	પંચક.
૨૯	ભોમ	૯	અગસ્તનો અસ્ત, પંચક.
૩૦	બુધ	૧૦	પંચક.
૩૧	ગુરૂ	૧૧	અપરા ૧૧, પંચક ૧૩-૩૯ સુધી
૧	શુક્ર	૧૨	જુન ૧૮૯૪, પ્રદોષ.
૨	શની	૧૩	શિવરાત્ર.
૩	રવી	૧૪	ભાઉકાદશે, ૦))નો ક્ષય.

જેઠ શુક્લપક્ષ.

તા. ૪થી જુન સને ૧૮૯૪થી તા. ૧૮મી સુધી.

સંવત ૧૯૫૦ના જેઠ સુદ ૧થી ૧૫ સુધી.

ઈં.તા.	વાર.	તીથી.	
૪	સોમ	૧	પછી અમૃત, કરવીરવ્રત.
૫	ભોમ	૨	૨ પછી યમઘંટ, ચંદ્રદર્શન.
૬	બુધ	૩	જીલ્હાજ, રંભાવ્રત.
૭	ગુરૂ	૪	વિનાયક ૪, અમૃત.
૮	શુક્ર	૫	મૃત્યુયોગ ૪૬-૧૧ સુધી.
૯	શની	૬	
૧૦	રવી	૭	દુર્ગા ૮.
૧૧	સોમ	૮	
૧૨	ભોમ	૯	
૧૩	બુધ	૧૦	
૧૪	ગુરૂ	૧૧	નિરજળા ૧૧.
૧૫	શુક્ર	૧૨	પ્રદોષ સાવીત્રી વ્રત પ્રારંભ.
૧૬	શની	૧૩	સાવીત્રી વ્રતનો આરંભ.
૧૭	રવી	૧૪	સીદ્ધી યોગ ૫૨-૩૧ પછી.
૧૮	સોમ	૧૫	ડાકોર જાત્રા.

जेठ कृष्णपक्ष.

તા० ૧૯મી જુન સને ૧૮૯૪થી તા. ૩જી જુલાઈ સુધી.

સંવત ૧૯૫૦ ના જેઠ વદ ૧ થી ૩૦ સુધી.

ઇં.તા.	વાર.	તીથી.	
૧૯	ભોમ	૧	
૨૦	બુધ	૨	આરદ્રાસંયોગીયુ નક્ષત્ર
૨૧	ગુરૂ	૩	સંકષ્ટિ
૨૨	શુક્ર	૪	ગુરૂનો ઉદય. પંચક ૪૯—૪૮ પછી
૨૩	શની	૫	પંચક
૨૪	રવી	૬	પંચક
૨૫	સોમ	૭	પંચક
૨૬	ભોમ	૮	કાળ ૮, પંચક
૨૭	બુધ	૯	૩૩ પછી મૃત્યુ.
૨૮	ગુરૂ	૧૦	
૨૯	શુક્ર	૧૧	યોગિની ૧૧
૩૦	શની	૧૨	શનિપ્રદોષ, અમૃતસીધ્ધી
૧	રવી	૧૩	શિવરાત્રી, જુલાઈ ૧૮૯૪
૨	સોમ	૧૪	સોમવતી ૩૦, અમૃત
૩	ભોમ	૩૦	યમઘંટ

अशाड शुक्लपक्ष.

તાં. ૪ થી જુલાઇ ૧૮૯૪ થી તા. ૧૭ મી સુધી.

સંવત ૧૯૫૦ ના આષાઢ સુદ ૧ થી ૧૫ સુધી.

ઇં.તા.	વાર.	તીથી.	
૪	બુધ	૧	પુનરવસુ નક્ષત્ર
૫	ગુરૂ	૨	અમૃત. મોહરમ ૧૩૧૨. ચંદ્રદર્શન
૬	શુક્ર	૪	મૃત્યુ. બુધનોઅસ્ત. વિનાયક. ૪
૭	શની	૫	
૮	રવી	૬	૫૮ પછી અમૃત. કસુંબા ૬
૯	સોમ	૭	
૧૦	ભોમ	૮	દુર્ગા ૮
૧૧	બુધ	૯	
૧૨	ગુરૂ	૧૦	વેગણ દશમી
૧૩	શુક્ર	૧૧	બહમન. શયની ૧૧,ચાતુરમાસ
૧૪	શની	૧૨	હરીવાસ ૫—૪૪ સુધી
૧૫	રવી	૧૩	પ્રદોષ, વર્ષારૂતુ બેઠી. જયાપાર્વતીવ્રત
૧૬	સોમ	૧૪	
૧૭	ભોમ	૧૫	ડાકોરનીજાત્રા. વ્યાસ પુજા. કોકીલાવ્રત

अशाड कृष्णपक्ष.

તા. ૧૮મી જુલાઇ ૧૮૯૪ થી તા. ૧લી અગષ્ટ સુધી

સંવત ૧૯૫૦ ના આષાઢ વદ ૧ થી ૩૦ સુધી.

ઇં.તા.	વાર.	તીથી.	
૧૮	બુધ	૧	હીંદોળાનો આરંભ
૧૯	ગુરૂ	૨	
૨૦	શુક્ર	૨	પંચક ૮—૧૬ પછી
૨૧	શની	૩	સંકષ્ટિ. પંચક
૨૨	રવી	૪	બુધનો ઉદય, પંચક
૨૩	સોમ	૫	પંચક
૨૪	ભોમ	૬	૫૨ પછી અમૃત, પંચક—૫૨-૫૦—સુધી
૨૫	બુધ	૭	કાળ ૮, મૃત્યુ
૨૬	ગુરૂ	૮	૫૧ પછી યમઘંટ
૨૭	શુક્ર	૯	૪૯ પછી યમઘંટ
૨૮	શની	૧૧	૧૦નો ક્ષય, કામિકા ૧૧, અમૃત
૨૯	રવી	૧૨	દગ્ધ વૈષ્ણવોની ૧૧
૩૦	સોમ	૧૩	સોમપ્રદોષ. શિવરાત્ર
૩૧	ભોમ	૧૪	
૧	બુધ	૩૦	દીવાસો. અગષ્ટ. અશલેષા.

શ્રાવણ શુક્લપક્ષ.

તા. ૨ જી અગષ્ટ સને ૧૮૯૪ થી તા. ૧૬ મી સુધી.
સંવત ૧૯૫૦ ના શ્રાવણ સુદ ૧ થી ૧૫ સુધી.

ઈં.તા.	વાર.	તીથી.	
૨	ગુરૂ	૧	ચંદ્ર દર્શન
૩	શુક્ર	૨	સફર
૪	શની	૩	વિનાયક ૪, બોળચોથ
૫	રવી	૪	૧૮ પછી અમૃત
૬	સોમ	૫	નાગ પંચમી કલકીનો જન્મ
૭	ભોમ	૬	સીતળા, રાંધણ છઠ
૮	બુધ	૭	દુર્ગા ૮, ટાઢી શીઆળ
૯	ગુરૂ	૮	
૧૦	શુક્ર	૯	નોળીનોમ
૧૧	શની	૧૦	
૧૨	રવી	૧૧	૧૨ પછી દગ્ધ અસ્પંદાદ પુત્રદા ૧૧
૧૩	સોમ	૧૨	૪૦ પછી મૃત્યુ, સોમ પ્રદોષ, દધીવ્રત
૧૪	ભોમ	૧૩	
૧૫	બુધ	૧૪	રૂગ્વેદી શ્રાવણી.
૧૬	ગુરૂ	૧૫	યજુઃવેદી શ્રાવણી, નાળીએરી પુનમ, રક્ષાબંધન, પંચક ૨૬—૧૫ પછી

श्रावण कृष्णपक्ष.

તા૦ ૧૭ મી આગષ્ટ ૧૮૯૪થી ૩૦ મી સુધી

સંવત ૧૯૫૦ શ્રાવણ વદ ૧ થી ૩૦ સુધી.

ઇં.તા.	વાર.	તીથી.	
૧૭	શુક્ર	૧	પંચક, હીંદોળા વિણુય
૧૮	શની	૨	પંચક
૧૯	રવી	૩	પંચક
૨૦	સોમ	૪	સંકષ્ટિ, પંચક
૨૧	ભોમ	૫	૧૨ પછી અમૃત, દગ્ધ, પંચક ૧૧-૪૭
૨૨	બુધ	૬	મૃત્યુ, રાંધણછઠ
૨૩	ગુરૂ	૭	૧૧ પછી યમઘંટ, જ.મ. ૮
૨૪	શુક્ર	૮	૯ પછી યમઘંટ, દગ્ધ. ગોકળ ૮
૨૫	શની	૯	દગ્ધ. અગસ્ત ઉદય. બુધાસ્ત
૨૬	રવી	૧૦	અગસ્ત્યનો ઉદય
૨૭	સોમ	૧૧	અજા ૧૧, દગ્ધ. ગોવાળીયા ૧૧
૨૮	ભોમ	૧૨	પ્રદોષ
૨૯	બુધ	૧૩	પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર
૩૦	ગુરૂ	૩૦	શિવરાત્ર.

भाद्रपद शुक्लपक्ष.

તા. ૩૧ મી આગષ્ટ ૧૮૯૪ થી તા. ૧૫ મી સુધી.

સંવત ૧૯૫૦ ના ભાદરવા સુદ ૧ થી ૧૫ સુધી.

ઈ.તા.	વાર.	તીથી.	
૩૧	શુક્ર	૧	સીદ્ધીયોગ
૧	શની	૨	સપટેમ્બર, ૩૭ પછી મૃત્યુ. યમઘંટ; ચંદ્ર દર્શન.
૨	રવી	૩	અમૃત રબીલા ઉલ અવલ. હરીતાલીકા, કેવડા ત્રીજ, વરાહજયંતી
૩	સોમ	૪	ગણેશ ૪
૪	ભોમ	૫	દગ્ધ, રૂપી પંચમી. સામા પાંચમ
૫	બુધ	૬	૨૮ પછી અમૃત
૬	ગુરૂ	૭	ગોર્‌ગ
૭	શુક્ર	૮	દગ્ધ. દુર્ગા. ૮ દુર્વા ૮, રાધાઅષ્ટમી
૮	શની	૯	દગ્ધ. ગોરા વદાય. બુધ જયંતી
૯	રવી	૧૦	દશાવતારવ્રત
૧૦	સોમ	૧૧	મૃત્યુ. દગ્ધ. પરીવર્તની ૧૧
૧૧	ભોમ	૧૨	વામન ૧૨
૧૨	બુધ	૧૩	પ્રદોષ. ઉતરાફાલગુણી. પંચક ૪૩-૪૩પછી
૧૩	ગુરૂ	૧૩	અનંત ૧૪ પંચક
૧૪	શુક્ર	૧૪	મહાલયારંભ, પંચક
૧૫	શની	૧૫	ડાકોરનીજાત્રા. શરદ રૂતુ. પંચક.

भाद्रपद कृष्णपक्ष.

તા. ૧૬ મી સપટેમ્બર ૧૮૯૪ થી તા. ૨૯ મી સુધી.

સંવત ૧૯૫૦ ના ભાદરવા વદ ૧ થી ૩૦ સુધી.

૧૬	રવી	૧	ફરવરદીન. પંચક ઇં.તા.૨૨. તીથી,
૧૭	સોમ	૨	પંચક ૩૦—૨૮ સુધી
૧૮	ભોમ	૩	અમૃત અંગારકી ૪ સંકષ્ટ
૧૯	બુધ	૪	
૨૦	ગુરૂ	૫	યમઘંટ
૨૧	શુક્ર	૭	યમઘંટ. દગ્ધ, છઠનો ક્ષય.
૨૨	શની	૮	દગ્ધ, કાળ. ૮
૨૩	રવી	૯	અવિધવા ૯ ડોશીનોમ
૨૪	સોમ	૧૦	૩૮ પછી દગ્ધ; ઇંદીરા ૧૧
૨૫	ભોમ	૧૧	હસ્તાર્ક. વૈષ્ણવી ૧૧
૨૬	બુધ	૧૨	પ્રદોષ. બુધોદય
૨૭	ગુરૂ	૧૩	શિવરાત્ર. જખાતીયાં
૨૮	શુક્ર	૧૪	
૨૯	શની	૩૦	મૃત્યુ યમઘંટ—સૂર્યગ્રહણ

अश्वीन शुक्लपक्ष.

તા: ૩૦મી સપટેમબર ૧૮૯૪થી તા. ૧૪મી અકટોબર સુધી.

સંવત ૧૯૫૦ ના આસો સુદ ૧ થી ૧૫ સુધી.

ઇં.તા.	વાર.	તીથી.	
૩૦	રવી	૧	ચંદ્રદર્શન, ઘટસ્થાપન
૧	સોમ	૨	અકટોબર. ૫૫ પછી યમઘંટ, રબીલા ઉલ આખર
૨	ભોમ	૩	વિનાયક ૪
૩	બુધ	૪	લલિતા. ૫ અમૃત
૪	ગુરૂ	૫	૮ પછી દગ્ધ. શન્યસ્ત
૫	શુક્ર	૬	
૬	શની	૭	મહાલક્ષ્મી ૮ સરસ્વતી, આવાહન
૭	રવી	૮	દુર્ગા ૮, સરસ્વતી પુજન
૮	સોમ	૯	મૃત્યુ. બળીદાન
૯	ભોમ	૧૦	વિજયાદસમી
૧૦	બુધ	૧૧	પાશાંકુશા ૧૧, પંચક ૧—૧૩ પછી
૧૧	ગુરૂ	૧૨	પંચક
૧૨	શુક્ર	૧૩	પ્રદોષ. પંચક
૧૩	શની	૧૪	કોજાગરી પંચક
૧૪	રવી	૧૫	ડાકોરની જાત્રા. પંચક કારતકસ્નાન

अश्वीन कृष्णपक्ष.

તા. ૧૫ મી અકટોમ્બર ૧૮૯૪ થી તા. ૨૮ મી સુધી.

સંવત ૧૯૫૦ ના આસો વદ ૧ થી તે ૩૦ સુધી.

ઇં.તા.	વાર.	તીથી.	
૧૫	સોમ	૧	
૧૬	ભોમ	૨	અરણી બેહેસ્ત
૧૭	બુધ	૩	દગ્ધ.
૧૮	ગુરૂ	૪	સંકષ્ટી
૧૯	શુક્ર	૫	
૨૦	શની	૬	
૨૧	રવી	૭	કાળ ૮
૨૨	સોમ	૮	કૃષ્ણાષ્ટમી
૨૩	ભોમ	૯	શુક્રનો અસ્ત
૨૪	બુધ	૧૦	સ્મા ૧૧ સ્માર્ત
૨૫	ગુરૂ	૧૨	ભાગવત ૧૧
૨૬	શુક્ર	૧૩	ધનતેરશ યમદીપદાન. પ્રદોષ
૨૭	શની	૧૪	મૃત્યુ યમઘંટ નર્ક ૧૪
૨૮	રવી	૩૦	દર્શ. લક્ષ્મીપુજન અભ્યંગ સ્નાન.

વાંચનારને અરજ.

"ડાકોરનો ભોમીયો" કાંઇક ઉતાવળથી તૈયાર કરવામાં આવ્યો છે. તેમ કેટલીક ખબરો મેળવતાં સેહેજ મુશકેલી પણ નડી હતી માટે આ વખતના અંકમાં જે ભુલ રહી હોય અને તે બીજી વખતે સુધારવાની કોઇ તરફથી સુચના કરવામાં આવશે તો તેનો ઉપયોગ કરવામાં આવશે. મંડળીવાળા, જાત્રાળુ, સેવક મંડળ, રીસીવર સાહેબ અને વહીવટદાર સાહેબ તરફથી જો આ મારી માહીતી સુધારવા અથવા તેમાં કાંઇ વધારો કરવા સુચના કરવામાં આવશે તો તેનો પણ બીજી વખત ઉપકાર સાથે ઉપયોગ કરીશું. તેમ ગામ લોક અને ગોર લોક પોતા તરફથી કાંઇ વધુ હકીકત દાખલ કરવા જોગ મોકલશે તો તેનો પણ ઉપયોગ કરવામાં આવશે.

આ નાહાનો પ્રયત્ન માત્ર પ્રથમની શરૂઆત દાખલ કરવામાં આવ્યો છે. પણ જો જાત્રાળુ અને ઉદાર ગ્રહસ્થો તરફથી આશ્રય મળી એનો ઉઠાવ થશે તો બીજી વખત ઘણા સુધારા તથા વધારા સાથે પ્રજાની સેવામાં ફરીથી રજુ કરવામાં આવશે. એટલે વારસીક પુસ્તકના આકારમાં ડાકોર ખાતે આ આ વરસમાં થયલી જાણવા જોગ હકીકતો ઉમેરવામાં આવશે માટ આશા છે કે ધારમીક જાત્રાળુઓ, ઉદાર ગ્રહસ્થો આ નાહાના ભોમીયાનો છુટથી ઉપયોગ કરશે.

રચનાર.

જાહેર ખબર.

ડાકોર અને ઉમરેઠ

નિતિધર્મોત્તેજક પુસ્તક પ્રસારક મંડળી.

હાલને સમે નિતિ ધર્મનો બોધ બાળકોને ઓછો મળતો દેખાવાથી તથા નિશાળોમાં તે માટે કાંઈ બોધ ન થવાથી બાળકો અને સાધારણ સમજના લોકોને નિતિ ધર્મનો બોધ થાય અને વાંચવાને મન થાય તેવા નાહાના ચોપાનીયાં પ્રસંગોપાત કહાડવાનો વિચાર છે. પ્રથમ અંક આવતી કારતકી પુનમે કાઢવામાં આવશે. અને તે ચોપાનીયું માત્ર એક પઈથી અને નિશાળોના ઉપર નામ રાખનાર બાળકોમાં મફત વેહેંચી તેનો ફેલાવો કરવાની ધારણા રાખવામાં આવી છે. આવા ઉદાર કામમાં પ્રજાના આશરાની ખાસ મદદની જરૂર પડે છે માટે જે ધાર્મિકો આ ખાતામાંથી નીકળતા અંકોમાં ખાસ માટે મદદ કરવાની ખાએશ રાખતા હોય તેમણે ડાકોર અને ઉમરેઠ ખાતે દરબાર પત્રીકાના મેનેજરને મળવું અગર પત્ર લખવાં. થયલી મદદની પહોંચ ચોપાનીયાંમાં પ્રગટ કરવામાં આવશે અને દર વરશનો હીસાબ છેલા ચોપાનીયામાં છાપી પ્રજાની જાણ માટે બાહાર પાડવામાં આવશે. ઉમેદ છે કે પ્રજા તરફથી એ ખાતાની શુભ ધારણા પાર પાડવામાં યોગ્ય મદદ મળશે.

આ પુસ્તક નીચેને ઠેકાણેથી મળશે.

અમદાવાદ—હિતેચ્છુ પ્રેસમાંથી.

નડીઆદ—મી॰ ત્રીકમલાલના બુકડીપોમાંથી.

ઉમરેઠ—દવે મગનલાલ મુળજી પાસેથી.

ડાકોર—દરબાર પત્રિકા ઓફીસમાંથી તથા રીસીવર સાહેબની કચેરીના કારકુન પાસેથી.

સુરત—ચઉટાપરામાં શેઠ લાલભાઇ પરસોતમને ઘેરથી.

મુંબાઈ—મેહેતા રામચંદ્ર પ્રાણશંકર પાસેથી તથા તમામ જાહેર બુકસેલરાની દુકાનેથી મળશે.